ગુજરાતનું પાક્ષિક વિચારપત્ર

# નિરીક્ષક

૧૬ ફેબ્રુઆરી, ૨૦૧૯ અંક ૪ સ્થાપના : ૧૯૬૮ પાક્ષિક પૃ. ૨૦ કિ. રૂ. ૬/-

Reg.under RNI NO. GUJGUJ/2009/29656, Registered under Postal Registration No. GAMC-777/2018-2020 valid upto 31st December-2020 issued by the SSPO's Ahmedabad City Division, Permitted to Post at Ahmedabad PSO on 1st & 16th of every Month.

**અનુક્રમ**

**સંજય શ્રીપાદ ભાવે**
સામાજિક નિસબત,વૈચારિક વિમર્શ, સત્તા... ૨

**સલિલ ત્રિપાઠી**
માણસ ભૂંસવાની કળા ૩
How to erase a man

**આશિષ મહેતા**
રસ્કિન વિશે ૪

**બારીન મહેતા**
હમણાં ૭

**પ્રકાશ ન. શાહ**
નહીં કશું ગુમાવવું ફક્ત શૃંખલાબેડીઓ ૮

**પ્રવીણ ગઢવી**
શું ગાંધીજી રંગદ્વેષી હતા? ૧૬

**રતિલાલ પંડ્યા**
ગાંધી-નિર્વાણદિન નિમિત્તે ૨૦

'વિશ્વમાનવ' ડીવીડી લોકાર્પણ

નિમંત્રણ

જુઓ પૃષ્ઠ ૧૫

- **'નિરીક્ષક' દર માસની ૧ અને ૧૬ તારીખે પ્રકાશિત થાય છે.**
- લવાજમઃ
  વાર્ષિક રૂ. ૨૦૦/-, આજીવન : રૂ. ૨૦૦૦/- (દેશમાં)
  વાર્ષિક રૂ. ૨૫૦૦/-, આજીવન રૂ. ૨૫૦૦૦/- (વિદેશમાં)
- વાર્ષિક લવાજમની રકમ 'નિરીક્ષક પ્રકાશન'ના નામે ડ્રાફ્ટથી અથવા ચેક કે મ.ઓ.થી શાર્દૂલ પ્રેસ, રંભા કોમ્પ્લેક્સ, ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪ને સરનામે મોકલવામાં આવે તે અપેક્ષિત છે.
- આજીવન સભ્યપદની રકમ 'નિરીક્ષક ફાઉન્ડેશન'ના નામે અમદાવાદની બૅન્ક ઉપરના ડિમાન્ડ ડ્રાફ્ટ અગર ચેકથી મોકલવા.
- સંપાદકીય પત્રવ્યવહાર : 'પ્રકાશ', નવરંગપુરા પોસ્ટ ઑફિસ પાછળ, અમદાવાદ ૩૮૦૦૦૯. (ફોન : ૨૬૫૬૨૮૦૬)
- બ્લોગ : nirikshakgujaratipakshik.wordpress.com

**તંત્રી : પ્રકાશ ન. શાહ**
E-mail : editor.nireekshak@gmail.com
**સહયોગી તંત્રી (દેશાવર): વિપુલ કલ્યાણી**
E-mail : vipoolkalyani.opinion@btinternet.com

## સત્તરમી લોકસભા ભણી જતાં

**સોળમી** લોકસભાના છેલ્લા દિવસે, હવે ગમે તે ક્ષણે ચૂંટણીજાહેરાત સાથે આચારસંહિતા અમલી બનવામાં છે એવી ગાભણી ને ગોરંભાયેલી પરિસ્થિતિમાં, સ્પષ્ટ બહુમતીની તાકીદ ચર્ચતી સત્તાવાર તકરીર અને સામસામે છતાં સાથે હોવાની વિપક્ષી કવાયત : શું કહીશું, સિવાય કે ધ ડાઈ ઈઝ કાસ્ટ.

મે ૨૦૧૪ની વચનલહાણ સામે ફેબ્રુઆરી ૨૦૧૯ની વિપરીત વાસ્તવિકતા સબબ નમો ભાજપ સવાલિયા દાયરામાં ઘેરાયેલ છે. પ્રાદેશિક પક્ષો અને ભાજપેતર રાષ્ટ્રીય પક્ષ (કૉંગ્રેસ) પોતપોતાનાં પ્રભાવક્ષેત્રમાં જે તે સાથી પક્ષ પરત્વે સરસાઈ જાળવવા સાથે રાષ્ટ્રીય સ્તરે પ્રમાણમાં પરસ્પર પૂરક ચિત્ર ઉપસાવી નમો ભાજપ સામે અસરકારક પડકાર ઊભો કરવાની કોશિશમાં છે. તેરમી ફેબ્રુઆરીની જંતરમંતર રેલી અને શરદ પવારને ત્યાંની ભોજન બેઠક આ સંદર્ભમાં સૂચક પુરવાર થઈ શકે છે.

પવારને ત્યાં મળેલી બેઠકમાં ઊપસી રહેલો એક મહત્ત્વનો મુદ્દો એ હતો કે લોકસભાની ચૂંટણીપૂર્વે સહિયારો કાર્યક્રમ જાહેર થઈ જવો જોઈએ, જેથી પરિણામો પછી વૈકલ્પિક કાર્યક્રમ વિશે કોઈ અસમંજસ ન રહે. આ મુદ્દાનું જમા પાસું એ છે કે એકમાત્ર મોદીવિરોધ જ કેમ જાણે એજન્ડા હોય એવી આમ છાપને બદલે કાર્યક્રમની ચર્ચા કેન્દ્રમાં આવે.

જોવાનું એ પણ છે કે નમો ભાજપનાં એકંદર શાસનવલણો સામેની વિરોધલાગણી કેવળ રાજકીય પ્રતિસ્પર્ધી વર્તુળોમાં જ છે એવું નથી. સ્વતંત્ર બૌદ્ધિકોના એક મોટા વર્ગે, એમાં પણ કેટલાકે તો ઇંદિરાઈ કટોકટી (૨૬ જૂન ૧૯૭૫) અને હાલના દોર (૬ ડિસેમ્બર ૧૯૯૨) પરત્વે એકસરખી તીવ્રતાથી મોદી ભાજપના વજૂદને પડકારવાપણું જોયું છે. રાજદ્રોહ, દેશદ્રોહ, અર્બન નક્સલ તરીકેની શત્રુખોજના રાજકારણ સામે નાગરિક સમાજ તરીકેની બંધારણીય ભૂમિકાનું એક દર્શન, કંઈક પરિભાષિત – કંઈક અપરિભાષિત, આકાર લઈ રહ્યું છે.

નવા ચૂંટણીચુકાદાનો અવસર તરતમાં આવી મળવાનો છે ત્યારે સમતા અને ન્યાય યુક્ત પરિવર્તનનાં બળો તેમજ યથાશક્તિનાં બળો વચ્ચે વિવેકની ઈન્દ્રિય સાબદી રાખવી રહેશે.

આજે બને કે આ સ્વતંત્ર જેવાં બળો કૉંગ્રેસ/ વિપક્ષ તરફી ખાનામાં ખતવાતાં લાગે પણ એમણે જે વલણો દાખવ્યાં છે તે આવતી કાલે જે નવા સત્તાધીશો આવશે એમને પણ તાવશે અને મૂલવશે જરૂર. એમની નિયતિ (અને સદ્ભાગ્ય) એ છે કે જતીઆવતી સરકારોની પેઠે એમની નોકરી હંગામી નથી. **પ્ર.ન.શા.**

## ઇતિહાસ સાક્ષી છે કે શ્રી એચ.કે. આર્ટસ કોલેજ એટલે

# સામાજિક નિસબત, વૈચારિક વિમર્શ, સત્તા સામે સંઘર્ષ / સંજય શ્રીપાદ ભાવે

*ગુજરાતપ્રસિદ્ધ એચ.કે. આર્ટ્સ કૉલેજના કાર્યકારી આચાર્ય હેમન્તકુમાર શાહનું રાજીનામું આ નોંધ લખાય છે ત્યારે સુરખીઓમાં છે. કૉલેજના પૂર્વછાત્ર અને અપક્ષ ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીને એમણે અતિથિવિશેષરૂપે નિમંત્ર્યા તે સંદર્ભમાં કોઈ ભાજપ તરફી પરિબળોની ધમકીગર્ભ પ્રતિક્રિયા મળતાં કૉલેજ પ્રબંધને કાર્યક્રમ ન થઈ શકે એવા સંજોગો સર્જ્યા એથી એક સ્વમાની આચાર્યને શોભે તેમ હેમન્તકુમારે રાજીનામું ધરી દીધું છે. બહારનાં પરિબળોની ધમકીવશ શૈક્ષણિક સંસ્થામાં આવી અનવસ્થા પેદા થાય એનો તાજેતરનો નોંધપાત્ર દાખલો અમદાવાદ યુનિવર્સિટીમાં અતિથિ અધ્યાપક તરીકે રામચંદ્ર ગુહાને આવતા અટકાવાયેલા તે છે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે અધૂરી જાણકારી અને અધકચરી સમજને ધોરણે અમદાવાદ યુનિવર્સિટી પર પાઠવેલા વિરોધપત્રને કારણે આમ બન્યું હતું. સ્મરણીય છે કે અભાવિપે આ પત્રની નકલ શિક્ષણમંત્રી અને પૂર્વઅધ્યાપક એવા મહામહિમ રાજ્યપાલ બેઉને મોકલી હતી, પણ એમણે યુનિવર્સિટીની સ્વાયત્તતા તરફે દરમ્યાન થવાની કોઈ જરૂરત જોઈ નહોતી. ગમે તેમ પણ, જેનો પૂર્વરંગ અને એનું એકંદર સાતત્ય અહીં સંજય શ્રીપાદ ભાવેએ સુપેરે ઉપસાવ્યાં છે તે સન્માન્ય શિક્ષણસંસ્થા ધોરણસર પુનર્વિચાર કરે તે શોભીતું લેખાશે.* *પ્ર.ન.શા.*

**સત્ત્યાવીસમી** ફેબ્રુઆરી ૨૦૦૨ થયેલાં ગોધરાકાંડને પગલે ગુજરાત કોમી રમખાણોમાં સપડાયું. માર્ચ મહિનાના આખરી દિવસોમાં પણ અત્યંત હિંસક વાતાવરણ હતું. છતાં ગુજરાત યુનિવર્સિટીએ તેની વાર્ષિક પરીક્ષાઓ મોકૂફ નહીં કરવાની જક પકડી હતી.એટલે અમદાવાદની શ્રી હરિવલ્લભદાસ કાળિદાસ આર્ટ્સ કૉલેજના કેટલાક અધ્યાપકો તેમ જ યુનિવર્સિટીના બે અધ્યાપકોએ વિદ્યાર્થીઓના હિતમાં પરીક્ષા મોકૂફીની માગણી કરતું આવેદનપત્ર બનાવ્યું. તેમાં એચ.કે.આર્ટસ અને કૉમર્સ કૉલેજના આચાર્યો અને બધા અધ્યાપકોએ સહીઓ કરી.બીજી કૉલેજોમાં જઈને પણ આવેદનપત્ર પર સહીઓ મેળવી. એંશી સહીઓ સાથેનું આવેદનપત્ર વાઇસ-ચાન્સલરને આપવામાં આવ્યું. વિદ્યાર્થીઓના જાન દાવ પર લગાવીને દુનિયાને 'સબ સલામત' બતાવવા માગતી રાજ્ય સરકારને ઢંઢોળવાની હિમ્મત કરવામાં એચ.કે.એ પહેલ અગ્રણી હતી.

સપ્ટેમ્બર ૧૯૯૬માં એક પક્ષે રાજકીય દાવપેચના ભાગરૂપે શક્તિ-પ્રદર્શન તરીકે તેના કાર્યકર્તાઓની આશ્રમ રોડ પરથી રેલી કાઢી. તે દરમિયાન પક્ષના કાર્યકરોએ એચ.કે. કૉલેજનાં કેમ્પસમાં ઘૂસીને તોડફોડ મચાવી. કૉલેજના અધ્યાપકોએ સામનો કરીને તેમને બહાર ખદેડી મૂક્યા. કૉલેજે પોલીસ ફરિયાદ પણ નોંધાવી. આ જિગર પણ એચ.કે.આર્ટસે બતાવી હતી.

ફેબ્રુઆરી ૧૯૯૭થી દોઢેક વર્ષના સમયગાળાની વાત છે. અમદાવાદના મીઠાખળી વિસ્તારમાં મ્યુનિસિપલ કૉર્પોરેશનની વીસ નંબરની શાળા આવેલી હતી. અત્યારે ત્યાં ઊંચી ફી લેતી એક ખાનગી શાળા આવેલી છે. કૉર્પોરેશને ગરીબોના બાળકોને ભોગે પૈસાદારોના બાળકો માટેની આ શાળા માટે મંજૂરી આપી. આ સાફ અન્યાય ભરેલું લોકવિરોધી પગલું હતું.તેની વિરુદ્ધ મીઠાખળી ગામમાં આવેલી નર્મદ-મેઘાણી લાઇબ્રેરી પરનાં કાર્યકર્તાઓ અને નિસબત ધરાવતા નાગરિકોએ છએક મહિના આંદોલન ચલાવ્યું. તેમાં એચ.કે.ના સ્થાપક આચાર્ય, ટ્રસ્ટી અને એ વખતે બ્યાંશી વર્ષના સમાજ ચિંતક યશવંતભાઈ ઉપવાસ પર બેઠા હતા. આંદોલનના પ્રચાર માટે એચ.કે.ના વિદ્યાર્થીઓએ સૌમ્ય જોશીની રાહબરી હેઠળ શેરી નાટકના પચાસેક શો કર્યા —પહેલો શો એચ.કે.ની વિશાળ અગાશીમાં હતો. ત્યાર બાદ આંદોલન માટે પૈસા ઊભા કરવા સી.યુ.શાહ આર્ટસ કૉલેજ અને એચ.કે. એ મળીને ત્રણ એકાંકી નાટકોનો એક ચૅરિટી શો યોજ્યો હતો.

સામાજિક નિસબતવાળા નાટક એચ.કે.ની ખાસિયત રહી છે.સૌમ્ય જોશી કૉલેજના પૂર્વ વિદ્યાર્થી અને પૂર્વ અધ્યાપક. તેમના લેખન-દિગ્દર્શન હેઠળ કૉલેજના કલાકારોએ ૧૯૯૬થી દસેક વર્ષમાં ભજવેલાં સાત એકાંકી નાટકોમાં છેવાડાનો માણસ કેન્દ્રસ્થાને હતો. એચ.કે.ની રંગમંચ પ્રવૃત્તિના શિરમોર સમું પૂરા કદનું નાટક એટલે સૌમ્યનું 'દોસ્ત, ચોક્કસ અહીં નગર વસતું હતું'. ધર્મઝનૂની શાસકના કિમીયામાં આવી જતા લોકો માત્ર પોતાનાં નગરનો જ નહીં સિવિલાઇઝેશનનો નાશ કરી દે છે એવી ચેતવણી આ નાટકમાં હતી. તે સાંપ્રદાયિકતા સામેનું એક સ્ટેટમેન્ટ હતું. અત્યારે સૌમ્યનો વારસો પૂર્વ વિદ્યાર્થી મૌલિકરાજ શ્રીમાળી ચલાવી રહ્યા છે.

*અનુ. પૃ. ૧૯ ઉપર*


### 'નિરીક્ષક' માટે જા.ખ.ના દર

| | |
|---|---|
| ● આવરણ-૪ | ૪૦૦૦/- |
| ● આવરણ-૩ | ૩૦૦૦/- |
| ● અંદરનું આખું પાનું | ૨૦૦૦/- |
| ● અંદરનું અડધું પાનું | ૧૦૦૦/- |
| ● સેન્ટર સ્પ્રેડ | ૪૦૦૦/- |

★ પુસ્તકોની જા.ખ. અડધા દરે ★



### લવાજમ ભરવા માટે સરનામાં

**વિજય મૅગેઝિન વર્લ્ડ**
૬૨, કલ્યાણ ભવન, બીજા માળે, રૂપમ સિનેમા પાસે, રિલીફ રોડ, **અમદાવાદ**-૩૮૦ ૦૦૧

**અદીત ઍજન્સી (એસ.બી. શાહ)**
ફોન નં.: ૦૭૯-૨૭૪૯૬૨૮૩
૭૨/૮૬૨, અંબિકા એપાર્ટમેન્ટ, અંકુર રોડ, નારણપુરા, **અમદાવાદ**-૧૩

**સૌરભ પુસ્તક ભંડાર**
બી/૨૦, સ્થાપત્ય એપાર્ટમેન્ટ, સ્ટર્લિંગ હૉસ્પિટલ પાસે, મેમનગર, **અમદાવાદ**-૩૮૦૦૫૨

**નવકાર મૅગેઝિન ઍજન્સી**
બ્લૉક એ, ફ્લેટ ૭૦૨, ચિન્મય ટાવર, વિશ્રામનગર, સુભાષચોક વચ્ચે, જયકાન્ત કામદાર માર્ગ , મેમનગર, **અમદાવાદ**-૫૨

**ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ.**
શૉપ નંબર : ૧-૨, પહેલા માળે, સેન્ચુરી બજાર, આંબાવાડી સર્કલ, **અમદાવાદ**-૩૮૦ ૦૦૬
૧૯૯/૧, પ્રિન્સેસ સ્ટ્રીટ, **મુંબઈ**-૪૦૦ ૦૦૨

**મૅગેઝિન વર્લ્ડ**
ગોપાલ ટૉકીઝ પાસે, સ્ટેશન રોડ, **આણંદ**-૩૮૮૦૦૧

**કીમ એજ્યુકેશન સોસાયટી સ્ટુડન્ટ કન્ઝ્યુમર સ્ટોર્સ**
**કીમ**, જિ. સુરત-૩૯૪ ૧૧૦

**પીયૂષ મૅગેઝિન ઍજન્સી**
એસ/૨૧, એ, મુલ્કીભવન, વર્ધમાન વિદ્યાલયની બાજુમાં, બસ સ્ટૅન્ડની પાસે, **મહેસાણા**-૩૮૪ ૦૦૧

**નવનીત મૅગેઝિન એજન્સી**
એસ-૬, શ્રદ્ધા કોમ્પ્લેક્સ, બીજા માળે, નગરપાલિકા સામે, **મહેસાણા-૧**

**એજ્યુકેશનલ એમ્પોરિયમ**
૩૬, ઉમિયાનગર, **પાટણ**-૩૮૪ ૨૬૫

**શિવમ એન્ટરપ્રાઇઝ**
બુક સેલર્સ એન્ડ સ્ટેશનર્સ, વનિતા વિશ્રામ સામે, ડોન રોડ, ક્રેસન્ટ, **ભાવનગર**-૧

### લવાજમ વિષયક

સંબંધિત સૌને નોંધ લેવા વિનંતી કે તા. ૧ મે ૨૦૧૪થી 'નિરીક્ષક'નું વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦ તેમજ આજીવન લવાજમ રૂ. ૨૦૦૦ છે. જૂના દરે (વાર્ષિક રૂ. ૧૫૦/-ના ધોરણે) લવાજમ ભરનારને નવ મહિના સુધી નિયમિત અંક મોકલાશે. **વ્ય.**

## માણસ ભૂંસવાની કળા / સલિલ ત્રિપાઠી

એ લોકો રોજ સૌને ગભરાવતાઃ "જે વાંસ ઊંચો થાય તેજ પહેલો કપાય"
નીચી મૂંડી રાખવામાં જ સાર છે, એમ સારી પ્રજા માની ગઈ
પણ એક વાંસ નીકળ્યો હઠીલો
પવનના સુસવાટા ભલે વાંસને હચમચાવી દેતા,
પણ આ વાંસ તો પાછો ઉભો થઇ જતો
અને એને કાપવા જાવ
તો ભલભલી તલવારો બની જતી બુઠ્ઠી

★

એ લોકોને પહેલેથી ચેતવણી આપી હતી કે
જો આ માણસને દફનાવશો તો એ વસંત ઋતુમાં પાછો આવશે પુષ્પ બનીને
કારણ કે એ માણસ નથી, બીજ છે
એ લોકો તો પડ્યા વિમાસણમાં
કે જો આ માણસની રાખ એક કળશમાં મૂકી
એક રોકેટમાં ઘુસાવી રોકેટ સાથે મોકલી દઈએ અવકાશમાં
અને એક વખત અંતરીક્ષમાં પહોંચ્યા પછી
રોકેટનો પાછલો દરવાજો ખોલી દઈએ
તો એની રાખ પ્રસરી જાય શૂન્યતામાં
– પણ આ માણસ તો છે ગજબનો,
એનો એકેએક કણ બની જાય તારો
અને એ તારા પછી ઝગમગે
અને એ જોઈ અહીં પૃથ્વી પર માબાપો પોતાના છોકરાઓના નામ પાડે
એ માણસની યાદમાં!
હવે?
એ ગણતરી કરીને એ લોકોએ આ માણસની રાખનો કળશ સમુદ્રમાં વહેતો કર્યો
જેથી સમુદ્રના પેટાળમાં માછલીઓ રાખનાં કણોને ચૂસીચૂસીને ગળી જાય
પણ એમને શું ખબર કે રાખ તો થઈ જશે પાણીમાં વિલીન
અને પાણીના બિંદુ આવશે સમુદ્રની સપાટીએ
અને થશે એનું બાષ્પીભવન
અને એ સૂક્ષ્મ જલસીકરો પહોંચશે આકાશમાં ને મળશે વાદળને
અને વાદળમાં પ્રસરાવશે ભીનાશ
અને પડશે વરસાદ એવો તો ધોધમાર કે હજારો પુષ્પ ખીલશે
અને ડોલશે વાંસળીના સુર સાથે – એવો હતો આ માણસ
એ લોકો ગમે તેટલા પ્રયત્ન કરત, તોય એ માણસ તો કરતો
એને મન ફાવે તેમજ
હઠીલા માણસના આત્મવિશ્વાસ સામે
એ લોકોના રંજ અને જીદની શું કિંમત,
શું હિમ્મત?

The Original English Text

### How to erase a man

(for Liu Xiaobo)/ **Salil Tripathi**

They were warned that if they buried him deep he would return in spring as a flower because he was a seed.

And they were worried that if they placed his ashes in an urn and attached it to a rocket and fired it in the sky and programmed the rocket to release the urn which would scatter the ashes in space, then each particle of his ashes would become a star and the stars would glow and parents would name their sons after those stars.

So they lowered the urn into an ocean, hoping that fish would swallow the ashes and the ashes would disappear and no longer flow.

But they had no idea that the ashes would dissolve in the water and in time the water from beneath would rise to the surface and evaporate and reach the skies and seed the clouds and rain on the vast land, this good earth...

And a hundred flowers will bloom

And sway to the lilt of the flute -

It was not quite what they had planned

E-mail : salil.tripathi@gmail.com

# રસ્કિન વિશે/આશિષ મહેતા

**રેલવે-સ્ટેશનનું** એક સામાન્ય દૃશ્ય. એક ભાઈ ગાડીમાં બેઠા છે. ગાડી ઊપડવાની તૈયારી છે. એમના મિત્ર બારીએ હાથ અઢેલીને પ્લૅટફૉર્મ પર ઊભા છે. ગાડીની સીટી વાગે છે. મિત્ર પોતાના થેલામાંથી એક પુસ્તક કાઢીને આવે છે, સફર ગાડીની કે જીવનની - થોડી ઓછી કંટાળાજનક રહે એ માટે.

હવે પછીનાં દૃશ્યો સામાન્ય નથી.

'આ પુસ્તકને લીધા પછી હું છોડી જ ન શક્યો. તેણે મને પકડી લીધો. જોહાનિસબર્ગથી નાતાલ ચોવીસ કલાક જેટલો રસ્તો હતો. ટ્રેન સાંજે ડરબન પહોંચતી હતી. પહોંચ્યા પછી આખી રાત ઊંઘ ન આવી. પુસ્તકમાં સૂચવેલા વિચારો અમલમાં મૂકવાનો ઇરાદો કર્યો.'

૮ અને ૨૫ જૂન, ૧૯૦૪ દરમિયાન ગાંધીજીએ બે વખત ડરબનની મુસાફરી કરી. ઉપરની ઘટના એ સમયની છે, તેમ 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા'ની ત્રિદીપ સુહૃદ દ્વારા સમીક્ષિત આવૃત્તિ જણાવે છે. મિત્ર હતા હેન્રી પોલાક. પુસ્તક હતું, અલબત્ત, Unto this Last જેના લેખક જહૉન રસ્કિનની ૨૦૦મી જન્મશતાબ્દી આ આઠમી ફેબ્રુઆરીએ ગઈ.

૧. બધાના ભલામાં આપણું ભલું રહેલું છે.

૨. વકીલ તેમજ વાળંદ બંનેનાં કામની કિંમત એકસરખી હોવી જોઈએ, કેમકે આજીવિકાનો હક બધાને એકસરખો છે.

૩. સાદું મજૂરીનું, ખેડૂતનું જીવન જ ખરું જીવન છે.

[સત્યના પ્રયોગો અથવા આત્મકથા પ્રકરણ : એક પુસ્તની જાદુઈ અસર]

આમ તો ગાંધીજીના જીવનનો સૌથી નાટ્યાત્મક પ્રસંગ ફર્સ્ટક્લાસના ડબ્બામાંથી બહાર ધકેલી મુકાયા તે ગણાય છે. એટનબરોની ફિલ્મે પણ એ માઇથોલૉજી ઘટનામાં ફાળો આપ્યો છે. ફિલ્મ માટે એ ઠીક હશે કારણ કે એ દૃશ્યમાં નાટ્યાત્મકતા છે. ચોપડી વાંચવાના દૃશ્યમાં એવી નાટ્યાત્મકતા નથી. પણ હકીકત એવી છે કે પ્લૅટફૉર્મ પર રાત વિતાવ્યા પછી બીજે દિવસે ગાંધીજીએ મુસાફરી આગળ ધપાવી હતી. અને એમાં પણ રંગભેદના અનુભવો ચાલુ રહ્યા હતા. પણ રસ્કિનનું પુસ્તક વાંચ્યા પછી ગાંધીજી થોડા કલાકોની પણ રાહ જોયા વિના ફિનિક્સ વસાહત સ્થાપીને 'સાદું મજૂરીનું જીવન' જીવવાના આયોજનમાં લાગી ગયા હતા. એપિફેનીનો દાવો કોઈ રેલવે-સ્ટેશનનો હોય તો તે પિટર મેરિટ્ઝબર્ગનો નહિ, પણ જોહાનિસબર્ગની એલોફસ્ટ્રીટ પરના ઓલ્ડપાર્ક સ્ટેશનનો હોવો જોઈએ.

પુસ્તકોની જેનરોમાં એક છે સેલ્ફ-હેલ્પ. ગુજરાતીમાં એક સમયે વનરાજ માલવી આવાં પુસ્તકો લખતાં, જેમ કે, 'તમારી માનસિક કાબેલિયત કેવી રીતે દસ ગણી કરશો.' અંગ્રેજીમાં સેલ્ફ-હેલ્પનું બજાર નિશાળ રહ્યું છે. બસ, આ ચોપડી વાંચો અને તમારું જીવન કે પ્રારબ્ધ પલટાઈ જશે. પણ આ જેનરમાં નૉર્મન થિન્સેન્ટ પીલ જેવા નીચલી પાયરીએ આવે. તો બીજે છેડે માર્ક્સ ઓરેલિયસ કે શાસ્ત્ર-અધ્યાત્મ પણ આવે. ગાંધીજીને આવાં પુસ્તકો માટે વળગણ તો હતું. છેલ્લા બે-એક દાયકામાં પશ્ચિમમાં જૂના જમાનાના દાર્શનિકો કે લેખકોનું ડહાપણ - વિઝડમ સારી પેઠે પૅકેજ કરીને રજૂ કરવાનો ટ્રેન્ડ ચાલે છે. દાખલા તરીકે, 'હાઉ પ્રુસ્ત કેન ચેન્જ યૉર લાઇફ': ફ્રેન્ચ નવલકથાકાર માર્સેલ પ્રુસ્ત કેવી રીતે તમારું જીવન બદલી શકે છે. આમ તો ચોપડા વાંચે જીવન ખાસ બદલાતાં નથી, પણ રસ્કિને એ પ્રુસ્ત અને આપણા મહાત્મા-બંનેનાં જીવન બદલી નાંખ્યાં.

તો ચોપડી વાંચીને તરત શહેર બહાર વસાહત સ્થાપી. આ સમયે ગાંધીજી હજુ 'આત્મિક કેળવણી'માં નવોદિત જ હતા, માટે વસાહતના સામૂહિક જીવનમાં એ બધા નીતિનિયમો નહોતા, જે પછીના પ્રયોગોમાં આવનારા હતા. નામ પણ 'ફિનિક્સ સેટલમેન્ટ' હતું, 'ફિનિક્સ આશ્રમ' નહીં. પણ ફિનિક્સ વિના ટૉલ્સ્ટૉય ફાર્મ, સત્યાગ્રહ આશ્રમ કોચરબ/સાબરમતી અને સેવાગ્રામ, વર્ધાનો નકશો કેવી રીતે રચાત ?

રસ્કિનની વાત પર પછી આવીએ, પહેલાં 'જાદુઈ અસર'ની વાત જારી રાખીએ.

૧૯૦૬માં કોઈ ગોરા લોકોએ ગાંધીજીના અખબાર 'ઇન્ડિયન ઓપિનિયન' સામે છેક લંડનમાં ફરિયાદ કરી. ગાંધીજીએ પોતાની સફાઈમાં પત્ર લખ્યો બ્રિટનના થાણા વહીવટના પ્રધાન લૉર્ડ એલ્જિનને. પોતાનું અખબાર ધંધાવેપાર માટે કે ટંટાફસાદ માટે નથી, એવો દાવો કરીને ગાંધીજીએ ઉમેર્યું કે 'ઇન્ડિયન ઓપિનિયન' તો ટૉલ્સ્ટૉય અને રસ્કિનની રાહદોરી પર ચાલે છે.

૧૯૦૮માં ગમતાનો ગુલાલ કરીને ગાંધીજીએ રસ્કિનના પુસ્તકનો સંક્ષેપ ગુજરાતીમાં નવ હપતે 'ઇન્ડિયન ઓપિનિયન'ના વાચકો સમક્ષ રજૂ કર્યો. (આ જ અરસામાં તેમણે સૉક્રેટિસના બચાવનામાનો પણ આવો સંક્ષેપ ગુજરાતીમાં રજૂ કર્યો હતો. એ રીતે ગાંધીજી સોક્રેટિસ અને રસ્કિનના વિચારોને એકસમાન આસન પર મૂકતા લાગે.) રસ્કિનના પુસ્તકનું શીર્ષક બાઇબલની એક વાર્તા પરથી છે, જેનો સીધો તરજુમો કરવાના બદલે ગાંધીજીએ મતલબનો ગુજરાતી શબ્દ ઊભો કર્યો અને એ શીર્ષકમાં ગાંધીજીની પૂરી વિચારધારા સમાઈ જાય એમ છે -**સર્વોદય**. અનુવાદ, ભાષા-અંતર અને અર્થઘટનના બીજા પણ પ્રશ્નો અહીં જોવા મળે છે. જેમ કે રસ્કિનના પહેલા નિબંધનું શીર્ષક 'ધ રૂટ્સ ઑફ ઑનર', સમ્માન કે ઇજ્જતનાં મૂળ. ગાંધીજીના તરજુમામાં વંચાય છે. 'સાચનાં મૂળ'. સત્યને ઈશ્વર ગણવાની દિશામાં આગળ વધી રહેલા અનુવાદક માટે એ વધારે યોગ્ય છે.

એ અસરામાં સત્યાગ્રહના કારણે જેલમાં જવાનું થયું. ત્યાં 'બીજી ઉપાધિ ન હોવાથી શાંતમને વાંચી શકાય.' મારો જેલનો બીજો અનુભવ-૫ : જેલમાં શું વાંચ્યું.' એ મથાળા હેઠળ ૧૯૦૯માં 'ઇન્ડિયન ઓપિનિયન'ના અધિપતિ વાચકને રિપોર્ટ આપે છે : 'બહુ ઓછો વખત રહેતો છતાં મહાન રસ્કિનનાં બે પ્રખ્યાત પુસ્તકો, મહાન થૉરોના નિબંધો, બાઇબલનો કંઈક ભાગ, ગેરિબાલ્ડીનું જીવન (ગુજરાતીમાં), લૉર્ડ બેકનના નિબંધ (ગુજરાતીમાં) હિન્દુસ્તાનને લગતી બે બીજી અંગ્રેજી ચોપડીઓ, એમ વાંચ્યા... રસ્કિન તથા થૉરોનાં લખાણોમાંથી સત્યાગ્રહ શોધી શકાય છે.'

જેલમાંથી પુત્ર મણિલાલને પત્ર, ૨૫ માર્ચ ૧૯૦૯ : 'હું હમણાં એમર્સન, રસ્કિન અને મૅઝિનીનાં પુસ્તકો વાંચું છું.' બે વરસ પહેલાં છગનલાલ ગાંધીને પણ આદેશ કરેલો : મહેરબાની કરીને રસ્કિનનું પુસ્તક વાંચો.

દિનવારીમાં પછી આવે રહી ન શકાયું, ત્યારે જ લખેલું 'હિન્દ સ્વરાજ'. સર્વોદય તરજુમાનાં છેલ્લાં પાનાંમાં ગાંધીજીએ સંક્ષેપ પછી 'સારાંશ' નામે પાંચમું પ્રકરણ ઉમેર્યું છે, જે રસ્કિનના વિચારો હિન્દુસ્તાનને કેવી રીતે લાગુ પડે તે વિશે છે. ત્યાં ગાંધીજી સ્વરાજ્ય વિશે લખવાનું શરૂ કરે છે અને 'હિન્દ સ્વરાજ' એનું અનુસંધાન કે વિસ્તાર લાગે. અંગ્રેજી આવૃત્તિની પ્રસ્તાવનામાં તેમજ પહેલા પરિશિષ્ટમાં વધુ વાચનની ભલામણોમાં ('સમ ઑથોરિટીઝ') રસ્કિનનો અને તેમનાં બે પુસ્તકોનો ઉલ્લેખ છે. ('અનટુ ધિસ લાસ્ટ' અને 'જૉય ફૉર એવર').

> રસ્કિનનું પુસ્તક વાંચ્યા પછી ગાંધીજી થોડા કલાકોની પણ રાહ જોયા વિના ફિનિક્સ વસાહત સ્થાપીને 'સાદું મજૂરીનું જીવન' જીવવાના આયોજનમાં લાગી ગયા હતા. એપિફેનીનો દાવો કોઈ રેલવે-સ્ટેશનનો હોય તો તે પિટર મેરિટ્ઝબર્ગનો નહિ, પણ જોહાનિસબર્ગની એલોફ્સ્ટ્રીટ પરના ઓલ્ડપાર્ક સ્ટેશનનો હોવો જોઈએ.

આત્મકથામાં રાયચંદભાઈ ઉર્ફે શ્રીમદ્ રાજચંદ્ર વિશેના પ્રકરણના અંતે જે રેન્કિંગ આવે છે, તે અલગઅલગ ઠેકાણે વારંવાર વાંચવા મળે છે.

'મારા જીવન ઉપર ઊંડી છાપ પાડનાર આધુનિક મનુષ્યો ત્રણ છે : રાયચંદભાઈએ તેમના જીવંત સંસર્ગથી, ટૉલ્સ્ટૉયે તેમના વૈકુંઠ તારા હૃદયમાં છે નામના પુસ્તકથી, ને રસ્કિને અનટુ ધિસ લાસ્ટ – સર્વોદય નામના પુસ્તકથી મને ચકિત કર્યો.'

આવી ટોપટેન જેવી યાદી - 'લિસ્ટિકલ' - શ્રીમદ્ રાજચંદ્ર પરિચયગ્રંથની પ્રસ્તાવના (૧૯૨૬)માં પણ છે. 'મૉડર્ન રિવ્યૂ'માં કવિ રાયચંદભાઈને અંજલિ આપતી વખતે પણ બીજા બે મહાપુરુષોને સાથે યાદ કર્યા છે. યરવડા મંદિરથી પ્રેમાબહેન કંટકને પત્રમાં ગાંધીજી કહે છે કે 'HERO એટલે પૂજ્ય દેવતા' અને પોતાના ત્રણ હિરોની સાથે ચોથું નામ પણ ઉમેરે છે અને બીજા વાક્યમાં બાતલ કરી નાખે છે : 'થૉરોને કદાચ મૂકી દેવો એ વધારે યોગ્ય છે' (૧૯૩૧). સપ્ટેમ્બર, ૧૯૨૮માં ટૉલ્સ્ટૉયશતાબ્દી નિમિત્તે અમદાવાદ યુવકસભાના આશ્રયે આશ્રમમાં સભા યોજાઈ, તેમાં ગાંધી ફરી તેમના ત્રિદેવને સંભાર્યા વિના રહી શક્યા નહીં. પછી ક્રમ સ્પષ્ટ કરવા ઉમેર્યું, 'ટૉલ્સ્ટૉય અને રસ્કિન વચ્ચે હરીફાઈ ચાલે, અને બંનેનાં જીવન વિષે વધારે જાણું તો બેમાં કોને પહેલાં મૂકું એ નથી જાણતો. પણ અત્યારે તો બીજું સ્થાન ટૉલ્સ્ટૉયને આપું છું.'

લંડનના પ્રતિષ્ઠિત સામયિક 'સ્પેક્ટેટર'ના સંપાદક એવલિન રૈન્ચે, પોતાના ઘરે ઑક્ટોબર, ૧૯૩૧માં ગાંધીજીનો ઈન્ટરવ્યૂ લીધો હતો.

પ્રશ્ન : કોઈ પુસ્તકે કદી આપના જીવનને અત્યંત પ્રભાવિત કર્યું છે. અને આપના જીવનમાં કોઈ અચાનક પરિવર્તન આવ્યું છે?

ઉત્તર : હા, મને સૌથી વધુ પ્રભાવિત કરનાર પુસ્તક રસ્કિનનું અનટુ ધિસ લાસ્ટ હતું... તેણે મારું આખું બાહ્ય જીવન પલટી નાંખ્યું. એને માટે બીજો કોઈ શબ્દ જ નથી. રસ્કિનના શબ્દોએ મારા ઉપર ભૂરકી નાંખી. હું એકી બેઠકે એ પુસ્તક વાંચી ગયો અને આખી રાત જાગતો પડી રહ્યો. અને મેં તે જ ક્ષણે મારા જીવનનો આખો નકશો બદલી નાખવાનો નિર્ણય કર્યો. ટૉલ્સ્ટૉય મેં બહુ પહેલાં વાંચ્યા હતા, તેણે મારા આંતર જીવનને અસર કરી હતી.

એ ભૂરકીની અસરો વિષે થોડી વિગતવાર વાત. યરવડા મંદિરથી સપ્ટેમ્બર ૧૯૩૦માં નારણદાસ ગાંધીને પત્રમાં તેઓ કહે છે :

'જાત મહેનત મનુષ્યમાત્ર સારુ અનિવાર્ય છે. એ વાત મને પ્રથમ સોંસરવી ઊતરી ટૉલ્સ્ટૉયના એક નિબંધ ઉપરથી. એટલી સ્પષ્ટ આ વાતને જાણ્યા પહેલાં તેનો અમલ કરતો થઈ ગયો હતો - રસ્કિનનું અનટુ ધિસ લાસ્ટ વાંચ્યા પછી તુરત. જાતમહેનત અંગ્રેજી શબ્દ 'બ્રેડ લેબર'નો અનુવાદ છે. 'બ્રેડ લેબર'નો શબ્દશઃ તરજુમો રોટી (ને સારુ) મજૂરી - રોટીને સારુ પ્રત્યેક મનુષ્યે મજૂરી કરવી જોઈએ એ ઈશ્વરી નિયમ છે.

રસ્કિન વિષે વધુ, મીરાંબહેનને પત્રમાં, ૮ એપ્રિલ ૧૯૩૨: 'હમણાં હું રસ્કિનનું ફોર્સ क्ले વિજેરા વાંચુ છું. એ ઊંડી માનવતાથી ભરેલી કૃતિ છે. એ વસ્તુની એને હાડોહાડ પ્રતીત થઈ હોય એમ લાગે છે. વાણી તેમજ વર્તનમાં પોતાના વિચારો પ્રગટ કરવાનો આ પત્રો તેના સર્વોત્તમ પ્રયાસ છે.'

આઝાદી ડેકકે હતી, ત્યારે બૉમ્બે રાજ્યમાં નાણાં અને ગ્રામોદ્યોગ પ્રધાન વૈકુંઠલાલ મહેતાએ પૂનામાં ઉદ્યોગપ્રધાનોની એક પરિષદનું આયોજન કરેલું. તેમાં પંજાબ, ઓરિસ્સા, મધ્યપ્રાંત અને બિહારના પ્રધાનો હાજર રહેલા. ગાંધીજીએ તેમને ભારત આઝાદ થાય, ત્યારે આર્થિક નીતિઓ રસ્કિનની રાહે ચલાવવા શીખ આપી. ૩૧ જુલાઈ, ૧૯૪૬ના રોજ આ પરિષદમાં તેમણે ફરી એક વાર રેલયાત્રા દરમિયાન રસ્કિનનું પેલું પુસ્તક વાંચ્યાનું સુખદ સ્મરણ કર્યું અને કહ્યું કે તેમાંથી તેમને સ્પષ્ટ જણાયું કે જો માણસજાતે પ્રગતિ કરવી હોય અને સમાનતાના આદર્શને વાસ્તવમાં ઉતારવો હોય, તો આ પુસ્તકના સિદ્ધાંત અપનાવીને તેના પર કામ કરવું રહ્યું. કોઈની સ્થિતિ ના હોય કે શક્તિ કે બુદ્ધિ ના હોય, તેને પણ સાથે લઈને જ ચાલવાનું છે. જે આઝાદીમાં સૌથી નબળાને સ્થાન ન હોય, એવી આઝાદી તેમને નથી જોઈતી.

★ ★ ★

જ્હૉન રસ્કિન (૮ ફેબ્રુઆરી ૧૮૧૯ - ૨૦ જાન્યુઆરી, ૧૯૦૦) પહેલી કારકિર્દીમાં કલાવિવેચક અન નિબંધકાર હતા. યુવા ઉંમરથી તેઓએ ચિત્રકલાનાં નવાં વહેણ સામે અગાઉના કલાકારોની તરફેણમાં લખવાનું શરૂ કર્યું. એમની સૌંદર્યદૃષ્ટિ અને બારીક નકશીકામથી ભરેલા ગદ્યમાં ચિત્રકલા પછી સ્થાપત્ય અને લોકહુન્નરોની પણ વાત આવી. વ્યાખ્યાન પણ આપતા અને બ્રિટનના જાહેર સંવાદમાં તેમનું નામ બની રહ્યું હતું. તેમને માબાપ તરફથી વારસામાં ખ્રિસ્તીધર્મ અને બાઈબલ પ્રત્યે વિશેષ આસ્થા મળેલી. મોટી ઉંમરે ધર્મ-સંપ્રદાય છોડ્યા પછી પણ બાઈબલે તેમને છોડ્યા નહીં. કલાવિષયક લખાણોમાં તેમનો દૃષ્ટિકોણ બાઈબલ અને સાદી નીતિમત્તા પર આધારિત હતો.

ઉપર જેનો ઉલ્લેખ આવ્યો. તે ફ્રેન્ચલેખક માર્સેલ પ્રુસ્ત રસ્કિનથી એટલા પ્રભાવિત કે અંગ્રેજીનું જ્ઞાન અધૂરું હોવા છતાં તેમનાં બે પુસ્તકોનો અનુવાદ કર્યો. ત્યાંથી તેઓ લેખક બન્યા અને વીસમી સદીની પાંચ મહાનતમ નવલકથાઓમાંની એકની પાછળ આ રીતે રસ્કિનના હસ્તાક્ષર છે. અનુવાદોની પ્રુસ્તે લખેલી પ્રસ્તાવનાઓ પણ માઈનોર માસ્ટરપીસ જેવી છે. ત્યાં રસ્કિન વિશે બડિંગ નૉવેલિસ્ટ કહે છે, 'હી વિલ ટીચ મી, ફોર ઇઝ નોટ હી, ટુ, ઇન સમ ડિગ્રી ધ ટ્રૂથ ?'

કલામાં કારીગરની ભૂમિકા પર તેમણે ભાર મૂક્યો. તેમના માટે કલા અને હુન્નર (જેમકે સુથારીકામ) વચ્ચે કોઈ ભેદ નહોતો.

આજકાલ વિદેશમાં અને દેશમાં પણ અમુક વર્ગમાં ઍસેમ્બ્લી લાઈન પર બનેલી, માસપ્રોડક્શનની ચીજોના બદલે હાથબનાવટની ચીજો માટે આગ્રહ વધી રહ્યો છે. તેમાં ઘણી વિચારધારાઓ ભેગી થાય છે. ઔદ્યોગિક સંસ્કૃતિનો વિરોધ, ઑથેન્ટિસિટી, માર્ક્સ જેને રિઈફિકેશન કહે છે તે, એટલે કે મશીનકલ્ચરમાં બનાવટ અને બનાવનાર વચ્ચેનું તાદાત્મ્ય કે ઓળખ તૂટી જાય છે, તેને ફરી સાંધવી વગેરે. તે તમામ પરિબળોની પાછળ રસ્કિનના વિચારો કામ કરી રહ્યા છે. તેમણે ઓગણીસમી સદીના પાછલા દાયકાઓમાં બ્રિટનમાં આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ મૂવમેન્ટ ચાલુ કરેલી તેનાં જ આ પરિણામો છે.

આંગળી અને હાથના કામ પર નયી તાલીમમાં ભાર મૂકવામાં આવે છે, તેનાં મૂળ પણ રસ્કિનમાં જ છે. આજકાલ વિદેશોમાં અને થોડે અંશે દેશમાં એક વાયરો ચાલ્યો છે, જેમાં નોકરીધંધામાં સફળતા પછી પણ ખાલીપો અનુભવતા લોકો હુન્નરકામ તરફ વળે છે અને ત્યાં તેમને જીવનનો સંતોષ અને આનંદ મળે છે. આ વિષય પર સામાન્ય વાચકોને ઉદ્દેશીને લખાયેલાં પુસ્તકોની સંખ્યા વધે જાય છે. તેમાં અગ્રણી છે ફિલોસૉફર રિચાર્ડ સેનેટનું ‘ધ ક્રાફ્ટમેન’ (૨૦૦૮), જેના કેન્દ્રમાં છે ફરી રસ્કિન. ‘યંત્ર યુગનો સૌથી વધુ જુસ્સાદાર વિરોધ કોઈએ કર્યો હોય તો તે રસ્કિન હતા, એમ કહીને સેનેટ ઉમેરે છે કે રસ્કિનની દૃષ્ટિનું સમૂળી ક્રાન્તિકારક પાસું એ હતું કે તેમણે આધુનિક સમાજને ઔદ્યોગિક ક્રાન્તિ પહેલાના જમાના તરફ પાછા વળવા હાકલ કરી. વધુમાં, એમની અપીલ આજના શબ્દોમાં કહીએ તો, ‘ગેટ ઈન ટચ વિથ યૉર બૉડી.’

બુદ્ધનાં પ્રવચનોમાં ‘કુશળ’ શબ્દનાં ઘણાં પાસાં છે. સ્કિલ એટલે કે આવડત તે કુશળતા છે. કર્મમાં કુશળતા એ યોગ છે. હુન્નરમાં કુશળતા જોઈએ. તેમાં શરીર અને આત્માનું કંઈક સંધાન થતું લાગે છે, જેથી કરીને અધ્યાત્મની વાર્તામાં સાથેસાથે હુન્નરની વાર્તા ચાલતી આવી છે. જિસસ સુથાર હતા, કબીર વણકર, ગાંધી પોતાને ખેડૂત કે વણકર ગણાવતા. ચરખો પૂરા ગાંધીજીવન-કર્મ-વિચારનું પ્રતીક આ અર્થમાં બને છે.

અલબત્ત, ૧૯૦૪માં ગાંધીએ રસ્કિનના પુસ્તકમાંથી જે તંતુ પકડ્યો તે અર્થશાસ્ત્રનો હતો. ઓગણીસમી સદીની અધવચ સુધીમાં એક વિદ્યાશાખા વિકસી, જેનું ત્યારે નામ હતું પોલિટિકલ ઇકોનૉમી. એડમ સ્મિથ, ડેવિડ રિકાર્ડો અને અંતે મહાન ફિલોસૉફર જહૉન સ્ટુઅર્ટ મિલનાં લખાણો, તેનો અભ્યાસક્રમ, આ સૌની સહમતી સાદી ભાષામાં કહીએ તો બજારું અર્થતંત્રને સર્વોપરી માનવાની હતી. કંઈક અંશે ડાર્વિને જીવવિજ્ઞાનમાં કહ્યું તેવું આ લોકો અર્થકારણ માટે માનતા હતા. સૌએ વધારે ને વધારે પૈસાદાર બનવા માટે પ્રયત્ન કરવા જોઈએ, જેથી દેશ-સમાજ સમૃદ્ધ બને. એમાં રાજ્ય / સરકારે વચ્ચે પડવું ના જોઈએ, તેમણે માત્ર એવા સંજોગો ઊભા કરવા જોઈએ, જેથી સૌ પૈસા કમાવાનાં કામ સારી પેઠે કરી શકે. અલબત્ત, આમાં ગરીબગુરબા, અશક્ત, લાચાર કોરાણે મુકાઈ જાય છે, પણ એમાં આપણાથી શું થઈ શકે? જેવું જેનું નસીબ, અર્થકારણ આમ જ ચાલતું આવ્યું છે.

કલાવિવેચન છોડીને રસ્કિન પોલિટિકલ ઈકોનૉમી તરફ વળ્યા અને આ વિચારો સામે નૈતિક વાંધો લીધો. ૧૮૬૦માં તેમણે ચાર નિબંધ તૈયાર કર્યા અને ‘કોર્નહિલ’ નામના માસિકને મોકલ્યા. (એના સંપાદક હતા ‘વેનિટી ફેર’ નવલકથાથી જાણીતા લેખક ડબલ્યુ. એમ. થૅકરે.) રસ્કિનનું માનવું હતું કે અર્થકારણ તો માણસે સર્જેલું છે. અને એના નિયમો ગુરુત્વાકર્ષણના સિદ્ધાંત જેવા કુદરતી નિયમો નથી. સમાજમાં દીનદુ:ખિયાને ટેકો કરવામાં કોઈ બજારના સિદ્ધાંતો ટાંકવાની જરૂર નથી, નીતિ અને માનવતાના ધોરણે સૌથી છેવાડાના જરૂરતમંદને મદદ કરે - એટલે કે અંત્યનો કે સર્વનો ઉદય કરે - એવી આર્થિક વ્યવસ્થા આપણે કેમ ઊભી ન કરી શકીએ ?

આ ચાર નિબંધો તે પુસ્તકાકારે અનટુ ધિસ લાસ્ટ એ શીર્ષક બાઇબલમાં ‘પૅરેબલ ઑફ ધ વાઇનયાર્ડ’માંથી લીધું છે. સર્વોદયની પૂરી વિચારધારા એ પૅરેબલમાં સુપેરે રજૂ થઈ છે. મેથ્યુ અથવા ‘માથ્થીની લખેલી સુવાર્તા’માંથી એ પ્રસંગ પૂરો વાંચીએ :

“કેમ કે આકાશનું રાજ્ય એક ઘરધણીના જેવું છે, પોતાની દ્રાક્ષાવાડીને સારુ મજૂરો પરોઠવાને મળસકામાં બહાર ગયો. અને તેણે મજૂરોની સાથે રોજનો એક દીનાર પરડીને પોતાની દ્રાક્ષાવાડીમાં તેઓને મોકલ્યા. અને આશરે પહોર દહાડો ચઢતાં બહાર જઈને તેણે ચકલા પર બીજાઓને નવરા ઊભા રહેલા દીઠા. અને તેણે તેઓને કહ્યું કે, તમે પણ દ્રાક્ષાવાડીમાં જાઓ, ને જે કંઈ યોગ્ય હશે, તે હું તમને આપીશ. અને તેઓ ગયા. વળી, આશરે બપોરે તથા ત્રીજા પહોરે બહાર જઈને તેણે તે જ પ્રમાણે કર્યું. ... અને સાંજ પડી, ત્યારે દ્રાક્ષાવાડીનો ધણી પોતાના કારભારીને કહે છે કે મજૂરોને બોલાવીને છેલ્લાથી માંડીને પહેલા સુધી તેમનું વેતન આપ. અને જેઓને તેણે આશરે અગિયારમી હોરાએ રાખ્યા હતા, તેઓ જ્યારે આવ્યા, ત્યારે તેઓને એક-એક દીનાર મળ્યો. પછી જેઓ પહેલા આવ્યા હતા, તેઓ એવું ધારતા હતા કે અમને વધારે મળશે; પણ તેઓને પણ એક દીનાર મળ્યો, ત્યારે તે લઈને તેઓએ ઘરધણી વિરુદ્ધ ઘણી કચકચ કરી, ને કહ્યું કે આ પાછલાઓએ માત્ર એક જ કલાક કામ કર્યું છે, અને તેં તેઓને અમ આખા દિવસનો બોજો તથા લૂ સહન કરનારાઓની બરોબર ગણ્યા છે. પણ તેણે તેઓમાંના એકને ઉત્તર દીધો કે, મિત્ર, હું તારો કશો અન્યાય નથી કરતો; શું તેં મારી સાથે એક દીનાર પરડ્યો નહોતો? તારું લઈને ચાલ્યો જા; જેટલું તને તેટલું આ છેલ્લાને પણ આપવાની મારી મરજી છે. જે મારું છે, તે મારી મરજી પ્રમાણે વાપરવાનો શું મને હક નથી? અથવા હું સારો છું, માટે તારી આંખ ભૂંડી છે શું? એમ જેઓ છેલ્લા તેઓ પહેલા, અને જેઓ પહેલા તેઓ છેલ્લા થશે.”

(આ વાર્તાની અગાઉનો ફકરો વધારે જાણીતો છે, જેમાં આ વાક્ય આવે છે : “દ્રવ્યવાનને દેવના રાજ્યમાં પેસવા કરતાં સોયના નાકામાં થઈને ઊંટને જવું સહેલ છે.”)

પુસ્તકે એ સમયે ઘણી ચકચાર મચાવી, ભારે વિરોધ થયો, લેખમાળા અધૂરેથી છોડવી પડી. પુસ્તકનો પહેલો પ્રિન્ટરન, એક હજાર નકલ, એક દાયકા પછી પણ પૂરો થયો નહોતો. જોકે હેન્રી પોલાકના હાથમાં આવ્યું, ત્યાં સુધીમાં એ પુસ્તક નવા વાચકોમાં લોકપ્રિય થઈ રહ્યું હતું. પૅન્ગ્વિન એડિશનમાં પ્રસ્તાવનામાં ક્લાઇવ વિલ્મર કહે છે કે ૧૯૦૬માં પહેલી વાર ૨૯ લેબર સાંસદો ચૂંટાયા, તેમને આપેલી એક પ્રશ્નાવલિના આધારે એમ કહી શકાય તે કોઈ એક પુસ્તકે તેમના પર સૌથી અસર કરી હોય તો તે ‘અનટુ ધિસ લાસ્ટ’ હતું.

આજે વિકસિત કે વિકાસશીલ દેશોમાં વેલફેર ઇકોનૉમિક્સનો વિચાર સૌએ સ્વીકાર્યો છે, એટલે કે માત્ર બજાર સાચું એમ નહીં પણ જરૂરતમંદો માટે સહાયની કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકાય છે, તેને માટે

સૌથી વધુ શ્રેય આપવું હોય, તો દ્રાક્ષાવાડીના ધણીનો દાખલો તાજો કરનારા રસ્કિનને જ આપવું જોઈએ.

ગાંધીએ આર્થિક સમજથી શરૂ કરીને પછી રસ્કિનમાંથી ‘સ્વરાજય’ સત્યાગ્રહ, શિક્ષણવિચાર અને હુન્નરની સમજ વિકસાવી. ગાંધી જેને હિરો નંબર ટુ ગણે છે, તે ટૉલ્સ્ટૉયે લખ્યું છે કે રસ્કિન ‘એવા અપવાદરૂપ માણસોમાંના એક હતા, જેઓ પોતાના હૃદયથી વિચારે છે, તેથી તેમણે જે કાંઈ વિચાર્યું અને કહ્યું તે તેમણે પોતે જોયેલું અને અનુભવેલું હતું. એટલું જ નહિ, પણ તે ભવિષ્યમાં દરેક વ્યક્તિ વિચારશે અને કહેશે.’

મ્યુચ્યુઅલ એડમિરેશન ક્લબના સભ્યો જેવા લાગતા આ ત્રણ મહાપુરુષોમાં ઘણી સામ્યતાઓ હતી. ત્રણેને માટે સ્ત્રીપુરુષના આદિકાળથી ચાલતા આવતા સંબંધો ભારે સમસ્યારૂપ અને સૂગનો વિષમ હતા. ત્રણેને જેનો ઝંડો કોઈના ઉપાડે તેને ઝંડા લઈને કૂદી પડવાની આદત હતી. ત્રણમાંથી બે પાછલાં વર્ષોમાં લગભગ પાગલ જેવા થઈ ગયેલા અને ત્રીજાને સૌ પાગલ બરાબર જ ગણવા લાગેલા. ત્રણેને જાત પર જાતભાતના અખતરા કરવાનો શૉખ હતો. પણ વિશેષ નોંધપાત્ર સામ્ય એ હતું કે રૂઢિગત માન્યતાઓને કોરાણે મૂકીને, માત્ર નીતિમત્તાનું ચલણ સ્વીકારીને, નવેસરથી વિકલ્પો વિચારી જોવાની હિંમત. વધુ છેદ ઉડાડીએ, તો કદાચ બાઈબલનો ઊંડો અભ્યાસ, ધ્યાનપૂર્વકનું વાચન કામ કરી રહ્યું હશે ? ત્રણેએ ઘણું લેખન કર્યું (ત્રણેયના કલેકટેડ વર્ક્સનાં વૉલ્યુમની સંખ્યા ઊંચી છે). વાચન એનાથી પણ વધારે કર્યું. ત્રણેયે લેખન કે વાચન એટલે કે શબ્દમાત્રથી આંતર અને બાહ્ય જીવનમાં, પિંડે અને બ્રહ્માંડે, પરિવર્તનની શક્યતાઓની ખોજ કરી.

પરિવર્તનના સાધન તરીકે વાચનને કેવી રીતે પ્રયોગમાં લાવવું? ઉપરથી સેલ્ફ-હેલ્પની થીમનો તાણો ખેંચીને અહીં વણીએ તો, હાઉ રસ્કિન કેન ચેન્જ યોર લાઈફ ? આમ તો રસ્કિનનું પુસ્તક હજારો કે લાખો લોકોએ વાચ્યું છે, પણ વાંચ્યા પછી બહાર સામૂહિક અને સાદા જીવનના અખતરા માટે જમીન શોધવા બીજું કોઈ નીકળ્યું નહીં. આપણે પોલાકની જેમ પ્રભાવિત થઈને કોઈ પુસ્તક - ગીતા, હિન્દ સ્વરાજ, બાઇબલ, એલ્કેમિસ્ટ-મિત્રને આગ્રહપૂર્વક પકડાવીએ છીએ, ત્યારે વણકહેવાયેલો ભાગ શું હોય છે ? પુસ્તકને વિવેચક-દાર્શનિક ઉમ્બર્તો ઇકો ‘લેઝી મશીન’ કહે છે, એની અંદરની સામગ્રી એમ ને એમ પડી જ રહેવાની છે. કામ તો વાચકે ફરવાનું છે. ગાંધીની વાચન-પસંદગીઓ અને પદ્ધતિઓ વિશે શું કહી શકીએ ? ઉઝાબેલ હોફમેયરે ગાંધી’ઝ પ્રિન્ટિંગપ્રેસ’ પુસ્તકમાં ‘ગાંધીવાદી વાચનસિદ્ધાંત’ રજૂ કર્યો છે, તેનું સૌથી વિશિષ્ટ પાસું છે રસ્કિનિયન મંદ ગતિ. યંત્રયુગની ઝડપ સામે સ્લૉનેસ, ક્વૉન્ટિટી સામે ક્વૉલિટી.

અંતે ફરી આત્મકથા તરફ પાછા વળીએ :

‘‘કર્મભૂમિમાં પ્રવેશ કર્યા પછી સમય ઘણો થોડો બચે. એટલે આ જ લગી પણ એમ જ કહેવાય કે મારું પુસ્તકોનું જ્ઞાન ઘણું જ થોડું છે. આ અનાયાસે અથવા પરાણે પળાયેલા સંયમથી મને નુકસાન નથી થયું એમ હું માનું છું. પણ જે થોડાં પુસ્તકો વાંચ્યાં છે, તેને હું ઠીક પચાવી શક્યો છું, એમ કહી શકાય.’’

E-mail : ashishupendramehta@gmail.com

## હમણાં / બારીન મહેતા

હમણાં મારું કૈં લખાતું નૈં
થાય છે કે
આ આવી હાંફળીફાંફળી ચુંટણી
તે લખું
લખી નાખું ૧૯૪૭માં મળેલા ભૂત વિશે,
આજની ચુંટણીના તૂત વિશે
પણ આ કલમ ચાલતી જ નૈં!

ઘણું ય થાય છે કે
મોટા મોટા ભાષણોમાં ઊડતા થૂકના દરિયાને
લોકોના અરમાનોના રણથી બૂરી દઉં
અખબારોમાં છપાતી લોકશાહીની લંગડી વિશે
ઉમેદવારોને લોકોએ નથી પહેરાવી એ બંગડી વિશે
પાંચ-પચાસ શબ્દોમાં ભસી મરું
પરંતુ, લખવા બેસું ત્યાં
ભિખારણનો અવાજ પથરાય કાગળ પરઃ
માઈબાપ, વધ્યુંઘટ્યું આલજો,
છોકરાંવનું પેટ ઠરશે,
તમને દુઆ મળશે

સાલ્લું,
મગજ એ અવાજથી ઢંકાઈ જાય
ને લંબાયેલી હથેળી
નિમાયું મોં,
કાખમાં છાકરું લઈ
વણઝાર ઉપર વણઝાર આવતી ભળાય
થઈ આવે કે
આ દેશ તો
ભિક્ષા માગતી લોકશાહીની કાખે બેસી
ટગરટગર આંખે
લંબાયેલો હાથ
ને નિમાયું મોં જોતા બાળક જેવો છે.
કંઈ નહીં તો આ બાળક વિશે લખવું,
બની શકે તે કવવું
પણ, કોણ જાણે કેમ
આવી એકાદ કલ્પના કાગળ પર ટપકે
પછી બધું અટકી પડે
હું જોર કરી ઉપાડું કલમનેઃ
ચાલ, ચાલ,
દોડવા માંડ કાગળ પર
જો, જો,
પેલા મજૂરોની છોલાયેલી પીઠની છબિઓ
કારખાનાંઓમાંથી નીકળતા થાકોડાના સરઘસો
ને ત્યાં જો
ત્યાં
ખખડે છે
વસ્તીની ખાટલીયુંમાં
ખાંસીના ખેલંદા
→
એક એક ખાંસી
એ નહિ ફૂટેલી
એક એક બંદૂકનો ધડાકો છે.
નોંધી લે,
જલદી જલદી નોંધી લે
ને પછી
ચિતરી માર આખો કાગળ....

E-mail : barinmehta@gmail.com

# નહીં કશું ગુમાવવું ફક્ત શૃંખલાબેડીઓ/પ્રકાશ ન. શાહ

**સહેજે** ચારેક દાયકા તો થયા હશે એ વાતને : એક સવારે રઘુવીર ચૌધરીનો ફોન આવ્યો કે લંડનની ગુજરાતી સાહિત્ય એકેડેમીવાળા વિપુલ કલ્યાણી અહીં છે અને તમને મળવા ઇચ્છે છે. રઘુવીરભાઈના આયોજનપૂર્વક (કહો કે એમના હંમેશના ચૌધુર્યસદ્‌ભાગ્યપૂર્વક) જમવા પર મળ્યા અને રૂડી મૈત્રીનો પ્રારંભ થયો. અહીં આ સંભારવાનો આશય અલબત્ત કોઈ મૈત્રીકથા (ખાસ તો કર્મબાંધવીનાં સંભારણાં) આલેખવાનો નથી. માત્ર, એ દિવસની વાતોમાં 'વિશ્વમાનવ'નો જે આદરભર્યો એટલો જ આત્મીય ઉલ્લેખ વિપુલભાઈએ કર્યો હતો કે 'તમારો (પ્રકાશનો) આભાર માનવા ઇચ્છું છું, તમને વાંચીને હું એમ.એ. થયો છું.' તે એક ઇતિહાસવસ્તુ તરીકે નમૂદ કરવા જરૂર ઇચ્છું. એમણે મને આપેલું માન, કેમકે હું ૧૯૬૪થી એક લેખક તરીકે અને ૧૯૬૮થી સંપાદકમંડળના એક સભ્ય તરીકે તેમજ ૧૯૭૦ની નવરચના સાથે કંઈક પહેલકારી ધોરણે જોડાયેલ હોઈ, વ્યક્તિગત નહીં પણ એક વૈચારિક ચળવળના પ્રતિનિધિગત હતું.

આ એક વૈચારિક, વ્યાપક અર્થમાં બૌદ્ધિક-નાગરિક આંદોલનના અગ્રયાયી બલકે પર્યાયપુરુષ બેલાશક આપણા એકના એક ભોગીલાલ ગાંધી હતા. ૧૯૫૮ના જાન્યુઆરીમાં એ 'માનવ'ના પ્રથમ અંક સાથે ('માનવીય ગૌરવની પુનઃપ્રતિષ્ઠા ઝંખતું માસિક' એવા અભિલાષ અને ઉદ્‌બોધ સાથે) ગુજરાતના જાહેર-અને-અક્ષર-જીવનમાં નવેસરથી ઉપસ્થિત થયા હતા. આયુર્યાત્રાના સુડતાલીસમે આ બની આવ્યું (કહો કે દુર્નિવારપણે બનીને રહ્યું) તે એક રીતે કદાચ નવેસર નહોતું; કેમકે ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક, સ્વાતંત્ર્યસૈનિક અને કૉંગ્રેસ સમાજવાદી - સામ્યવાદી અને આ તબક્કે રેડિકલ સર્વોદયી વિચારયાત્રી ભોગીલાલ ગાંધી લેખન-સંપાદનની કામગીરીમાં તો કે'દીના પડેલા હતા. જોકે, જેમ તૃણમૂલ કામગીરી તેમ લેખન-સંપાદન (સરવાળે 'સ્ટડી ઍન્ડ સ્ટ્રગલ')નો એમનો સહજ સિલસિલો ૧૯૫૮માં એક ગુણાત્મક વળાંકે ઊભી પ્રગટ થવા કરતો હતો, એ રીતે એમાં નવતત્ત્વ નિઃશંક હતું.

'વિશ્વમાનવ' એના તેરમા વરસે (૧૯૭૦માં) જ્યારે નવરચિત વિશ્વમાનવ સંસ્કારશિક્ષણ ટ્રસ્ટ મારફતે પ્રગટ થવા માંડ્યું. ત્યારે પ્રારંભિક નિવેદનમાં ભોગીભાઈએ એનો ઠીક ફોડ પાડ્યો હતો :

"૧૯૫૬માં સામ્યવાદી પક્ષ સાથેની લગભગ બે દાયકાની સક્રિય પ્રવૃત્તિમાંથી ફારેગ થઈને, લાંબી માંદગી બાદ, વડોદરા આવીને સ્થાયી વસવાટ શરૂ કર્યો, ત્યારે મારે માટે તો સમસ્યા મારા પુનર્ઘડતરની હતી. નવાં મૂલ્યોની પુનઃસ્થાપનાની એ અદમ્ય અર્જામાંથી એ સમયની મથામણના માધ્યમની અનિવાર્ય જરૂરિયાતમાંથી 'માનવ'નો પ્રારંભ થયો હતો. તેમાં સહજ રીતે જ, દશરથ અને સુભદ્રાની હૂંફ ભળ્યાં, અને અચાનક જ સુરેશ જોષી જેવા એક પ્રતિભાશાળી સાહિત્યસર્જક-વિવેચકની, અલબત્ત બીજા જ પ્રકારના સાહસની, પરંતુ એવી જ ઉત્કટ અદમ્ય અર્જાનો યોગ થતાં 'વિશ્વમાનવ' આરંભથી જ તારસ્વરે પ્રગટ થયું અને ચાલુ રહ્યું. માનવીય ચિંતનનાં મૂલ્યો અને સર્જનનાં મૂલ્યોની ખોજ એનો પ્રેરણાસ્રોત રહ્યો. ધીમે ધીમે કરતાં, મધુકર શાહ, ગુલામ મોહમ્મદ શેખ તથા અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ જેવા તેજસ્વી યુવાન સાથીઓનો સહયોગ થતાં એનો દેહ પુષ્ટ બન્યો. નવતર અનુભૂતિ અને નવતર ચિંતનની તાજગી એનો પ્રાણવાયુ બન્યો, જ્યાં ક્યાંયથી 'ઓઝોન' મળે ત્યાંથી ખોબેખોબા ફેફસાંમાં ભરી લેવાનો તલસાટ વધતો ગયો. અને એ વરસોમાં લગભગ નિયમિત મળતું નાનું-શું 'ગુરુવારિયું' (મંડળ) ગુજરાતભરમાં હિલ સ્ટેશન સમું તંદુરસ્ત હવા માટેનું આનંદધામ બની રહ્યું."

'વિશ્વમાનવ' (જાન્યુઆરી-ફેબ્રુઆરી ૧૯૭૦)માંથી આ વચનો ઉતારતાં, એમાં નિર્દિષ્ટ હિલસ્ટેશનના મિજાજની કંઈક ઝાંખી આપતા અને ગવાહી પૂરતા સુમન શાહના મે, ૧૯૬૯ના ઉદ્‌ગારોનું સ્મરણ થઈ આવે છે. ભોગીભાઈએ એમને પ્રથમ સો અંકનું વિહંગાવલોકન લખવાનું સૂચવ્યું ત્યારે, મારું મન આઠ-દસ વર્ષના ભૂતકાળમાં ચાલી ગયું. તે દિવસોના વડોદરાની મારી કેટલીક ભૂરી મુગ્ધ સાંજો મને યાદ આવી ગઈ. તમારે ત્યાં સુરેશભાઈ જોષી, અનિરુદ્ધભાઈ (બ્રહ્મભટ્ટ),(ગુલામ મોહમ્મદ) શેખ, પ્રબોધભાઈ (ચોકસી), કોઈક અપરિચિતો અને મારા જેવા બે-એક વિદ્યાર્થીઓનું અઠવાડિયાના કોઈક વારે મળવાનું બનતું, ને ત્યારે 'સાહિત્ય'નો વ્યાપક અર્થમાં સ્વાધ્યાય ચાલતો. પિરાન્દેલો, કામુ, કાફકા; તો આ તરફ, વેદોપનિષદો, રવીન્દ્રનાથ, ગાંધીજી, અરવિન્દ, ગીતા વગેરે પ્રકારનું ભારેખમ મિક્સ્ચર રચાઈ જતું. મને પ્રેક્ષકને તમારી કે પ્રબોધભાઈની પ્રશ્નમુખરતા અને સુરેશભાઈની અદ્‌ભુત સ્પીડ અને પોતાની કવિતાના જેવી જ શેખની ચુપકીદી તો સુભદ્રાબહેનની એમના સ્વભાવ જેવી જ સૌમ્ય કૉફી – બધાં ખંડિત ચિત્રો મારા તે વેળાના મનની એક વાત તીવ્રતાથી પ્રતીત કરાવે છે : ગુજરાતી સાહિત્યમાં ધરખમ ફેરફારો થઈ જવાના છે, એક મુક્ત અને નવા વાતાવરણની રચના આ રામજીમંદિરની પોળમાંથી થઈ રહી છે ને તે ગુજરાતી સાહિત્યને વિશ્વસાહિત્યના પાદરે લઈ જવાની છે...."

પાછળથી, ૨૦૧૬માં ભોગીભાઈનો જન્મશતાબ્દી-ગ્રંથ ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી પ્રકાશિત થયો, તેમાં ગુલામ મોહમ્મદ શેખે એ આરંભકાળને આમ સંભાર્યો છે :

"૧૯૫૫માં અઢાર વર્ષની ઉંમરે વડોદરા ભણવા આવ્યો, ત્યારે કોઈનેય ઓળખું નહિ, પણ સુરેન્દ્રનગરમાં સાહિત્યની સોબતે ઊછર્યો હતો એ નાતે, સુરેશ જોષીને આવતાંવેંત શોધી કાઢ્યા. એમની સંગતે પહેલા મળ્યા તે ભોગીલાલ ગાંધી અને બીજા પ્રબોધ ચોકસી,યુવાકાળના બંધાતા વિચારપિંડમાં એ ત્રિવેણીનો પ્રસાદ પડ્યો....

"૧૯૫૮ના જાન્યુઆરીમાં ભોગીભાઈએ 'માનવ' (જે પછી 'વિશ્વમાનવ' થયું) શરૂ કર્યું, તેમાં સાહિત્ય, સમાજ ને રાજકારણના સેતુ પર નવા ભાવકનું આહ્‌વાન થયું. ખરેખર તો એ માત્ર નવાં ચિંતન અને ચેતના પ્રદીપ્ત કરવાનું સાધન જ નહિ, એક અભિયાન હતું. ડાબેરી વિચારક્રાન્તિમાં રસાયેલી એમની દૃષ્ટિ એમાં ગાંધીવિચાર સામે આંખ મેળવી ઊભી રહી. સાંપ્રતસમયના વિચારવલોણે ગાંધી સાથે માર્ક્સને બેસાડવાનું મંથન અને ડાબેરી પરિપ્રેક્ષ્યોને સર્વોદય અને અહિંસાની એરણે તપાસવાની પહેલ એનાં પ્રમુખ લક્ષ્યો બન્યાં. એટલે સ્તો સર્વોદય વિશેષાંકમાં અન્યોની સાથે બી.ટી. રણદીવેની સમીક્ષા પણ સામેલ થઈ. અનુવાદો અને ટિપ્પણીઓ દ્વારા એમાં બીજું ઘણું ઉમેરાયું. સુભદ્રાબહેને અનુદિત કરેલ માનવજીવનની તરાડોમાં નાગાસાકીવાસીઓની વેદનાનો ચિતાર સાક્ષાત્ સમૂળગો પ્રગટ્યો. 'હમ બેચેન હૈ' જેવી શ્રેણીમાં એકલવીરોની કહાણીઓ દ્વારા અનુભૂતિની આકરી ભૂમિ ખૂંદ્યાના

નિસબતેમઢ્યા આલેખો આવ્યા. દોસ્તોયવસ્કી અને ચેખોવ સાથે એમાં રેમ્બ્રાન્ટની કથની જોડાઈ. વિશ્વસાહિત્યના નવલિકા વિશેષાંકમાં દઝાઈ ઓસામુ સાથે આલ્બેર કામુ અને પિરાન્દેલો ભેગા થયા. સુરેશભાઈએ 'યુલિસિસ' વિશે લખ્યું અને ભગવદ્‌ગીતા પર એક સોવિયેટ તત્ત્વજ્ઞની ટિપ્પણી આવી. ભોગીભાઈ 'ઉપવાસી' ઉપનામે કવિતા લખતા એટલે નવી કવિતા પર ચાંપતી નજર. મેં હરિગીત/પરંપરિતના આશરે છૂટ લેતું લખવા માંડ્યું હતું, એમાં ગોઠિયા અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ પણ જોડાયા....

> આ એક વૈચારિક, વ્યાપક અર્થમાં બૌદ્ધિક-નાગરિક આંદોલનના અગ્રયાયી બલકે પર્યાયપુરુષ બેલાશક આપણા એકના એક ભોગીલાલ ગાંધી હતા. ૧૯૫૮ના જાન્યુઆરીમાં એ 'માનવ'ના પ્રથમ અંક સાથે ગુજરાતના જાહેર-અને-અક્ષર-જીવનમાં નવેસરથી ઉપસ્થિત થયા હતા

"આ મંડળીમાં ... બે સાહિત્યરસિયા દાક્તર — મધુકર શાહ (એણે વાર્તાઓના અનુવાદો કર્યા ને પરમાણુવિજ્ઞાન પર 'વિશ્વમાનવ'નો વિશેષાંક સુભદ્રાબહેન સાથે મળીને કર્યો.) અને દામોદર બલર (એ તો પછી નવલિકાઓ અને નવલકથાઓ લખતા થયેલા ને ચિત્રો પણ કરતા.) હર્ષદ ત્રિવેદી પ્રાસન્નેય ક્વચિત્ આવે. માધવ અચવળ ચડી આવે. મુંબઈગરા રસિક શાહ અને જયંત પારેખ વડોદરા આવ્યા હોય, તો અચૂક જોડાય. પ્રબોધભાઈ મોડા મોડા પ્રવેશે : એમનો ભારે દેહ, જરાક ઊંચો પાયજામો ને હાથમાં ટચૂકડી થેલી સૌ જોઈ રહે. એ બેસે ત્યારે ત્રિપુટીનાં રૂપ ભળાય. પ્રબોધભાઈનો કતરેલી મૂછવાળો, મરમે મરકતો ચોરસ લાગે એવો ચહેરો, સુરેશભાઈના ગોળાકાર ચહેરેથી નીકળતી ધારદાર નજર ને ઉપસેલા હાડકે કોરેલો, અગમ ઊર્જાથી સળવળતો — ઊજળેવાન ભોગીભાઈનો, પ્રબોધભાઈ આવીને નુક્તેચીની કર્યા વગર ન રહે, અને પળવારમાં વાચન, વાર્તાલાપ અને સંવાદ-વિવાદમાં પલટાય. સુરેશભાઈ ચર્ચાને સાહિત્યિક ઝોક આપે પણ પ્રબોધભાઈ એને અચૂક સમાજકારણ-રાજકારણ તરફ ખેંચી જાય. કોઈક વાર પેચીદા મુદ્દે એમની અને ભોગીભાઈની સામસામી થાય. આમાંથી અમે બાકાત રહેતા, કારણ કે અમારી તે કાળની સાહિત્યદૃષ્ટિને એ ખપનું નહોતું. પણ સાંભળ્યું તે કોઈ પછીતે પડ્યું રહ્યું. દાયકાઓ બાદ સાહિત્યકળાને રાજકારણની એરણ પર મૂલવવાનું થયું, ત્યારે સંવાદ-વિવાદની એ ઉન્મત્ત પળોને ખોયાનો ખેદ થયો...."

રામજીમંદિર પોળ — ગોપાળઘરની એ ઓઝોન સાંજોની લગરીક સહેલ પછી થોડી સ્થૂળ વિગતો અંકે કરી લઈએ. ત્યારે, મુંબઈના પાર્ટી, દિવસોના વારાનું ચેતન પ્રકાશન ગૃહ ભોગીભાઈ પોતાની સાથે વડોદરે લઈ આવેલા, અને 'વિશ્વમાનવ'નું સંચાલન-સંપાદન પણ ત્યાંથી જ (ગોપાળઘર, રામજીમંદિર પોળ, વડોદરા)થી થતું. પહેલા અંકના લેખકોમાં જ સુરેશ જોષી, રવિશંકર મ. રાવળ, મધુકર શાહ એમ બંધાતી ટીમ ઊભરી આવે છે. રવિભાઈ ર.મ.રા. એમ ટૂંકી સહી સાથે 'હરતાં ફરતાં'ની કૉલમકારી કરતા તો મધુકર શાહ વિજ્ઞાન ક્ષેત્રે વિહરતા, અને સુરેશભાઈ સાહિત્ય ક્ષેત્રે સર્જનથી માંડીને આસ્વાદને આવરી લેતા. બીજા જ અંકથી ગુલામ મોહમ્મદ શેખ ચિત્રકળાનો આસ્વાદ કરાવતા માલૂમ પડે છે. મિતાક્ષરી પુસ્તક નોંધો અને તેમજ ઘરદીવડા અને પડઘા ને પ્રવૃત્તિ તરેહની નોંધો પહેલા બીજા અંકમાં દેખા દઈ એક સાતત્યનો સંકેત આપે છે. પ્રણવ (પ્રબોધ ચોકસી)ની અવારનવાર નોંધો પણ સ્થિર થવા લાગે છે. પહેલા અંકમાં જો ભોગીભાઈએ ગાંધીને વિશેષાંજલિ રૂપે વૈચારિક ઊહાપોહ કર્યો હતો, તો ત્રીજા અંકમાં કાર્લ માર્ક્સને વિશેષાંજલિ રૂપે આ જ ઊહાપોહની ધાટીએ એમણે આગળ ચાલવું મુનાસીબ માન્યું હતું. ચોથો અંક આવતે-આવતે લેખકોમાં રમણલાલ સોની, ગુલાબદાસ બ્રોકર સરખાં પીઢ નામો તો લાભશંકર ઠાકર જેવું મુકાબલે નવું નામ પણ જોવા મળે છે.

પ્રકાશનની શરૂઆતના સાત મહિના પછી, ઑગસ્ટ ૧૯૫૮થી માસિક 'માનવ', એની લાંબી ઓળખ મુજબ 'વિશ્વમાનવ' બન્યું; કેમકે સરકારના નવા કાનૂન મુજબ એક જ 'રાજ્ય'માં એક જ નામનાં બે સામયિકો, જુદી-જુદી ભાષામાં પણ પ્રગટ થઈ શકે એની છૂટ નહોતી. (દ્વિભાષી મુંબઈમાં ત્યારે નાગપુર પાસે તમસારથી 'માનવ' નામનું એક હિંદી સામયિક નીકળતું હતું.)

પહેલા વરસની, કહો કે શગ ઘટના ઑક્ટોબર-નવેમ્બરના સંયુક્ત અંક તરીકે પ્રકાશિત થયેલ સર્વોદય વિશેષાંકની હતી. ભૂદાન પદયાત્રી વિનોબા ગુજરાતમાં ૨૨મી ઑક્ટોબરે પ્રવેશ્યા હતા અને જાન્યુઆરીની ૧૩મી સુધી એમની યાત્રા ચાલવાની હતી. 'ભૂમિપુત્ર'ની ઉમંગી સામગ્રી, દૈનિક પત્રોની સમાચારફેરી, સૌથી જુદી પડતી તરતમ વિચારસામગ્રી આ સમૃદ્ધ અંકની વિશેષતા હતી. આ અંકને આવકારતાં ઈશ્વર પેટલીકરે 'સંસાર'માં લખ્યું હતું કે ગુજરાતનું 'મૉડર્ન રિવ્યૂ' થવાની જે અભિલાષા 'વિશ્વમાનવ'ના પ્રથમ અંકમાં પ્રકાશિત થઈ હતી, તેને યોગ્ય આ અંક છે. ઉમાશંકર જોશીએ 'સંસ્કૃતિ'માં આ પ્રયત્નને આવકારપાત્ર ગણાવી લખ્યું હતું કે તંત્રીએ પોતે લંબાણથી અને ઝીણવટથી 'સર્વોદય-ક્રાંતિવિજ્ઞાન'ની ચર્ચા કરી છે, આ અંકની સૌથી મોટી સેવા તો વિનોબાનાં પ્રવચનોમાંથી વિષયનો, કઈ તારીખે ને કયે સ્થળે એ શબ્દો બોલાયા તેનો નિર્દેશ કરીને ચૂંટેલાં અવતરણો આપવા પાછળ અંકનો ત્રીજો ભાગ રોક્યો છે એ છે. અંકની સામગ્રીને સર્વોદયવિજ્ઞાન પુસ્તક રૂપે પ્રગટ કરવામાં આવી છે, જે અનેકને સાચવવામાં સગવડરૂપ થઈ પડશે.

પ્રથમ વરસને અંતે આર્થિક બોજના સ્વીકાર સાથે અને છતાં 'વરસ રમતાંરમતાં વહી ગયું' એવો હૃદયભાવ વ્યક્ત કરવા ઉપરાંત સંપાદકે શોષણવિહીન એ મુખ્ય અર્થમાં સમાજવાદી સમાજરચનાના રાહે વિકાસની માનવજાત માટે ઊઘડતી શક્યતાઓની જિકર કરી એમાં માર્ક્સ અને ગાંધીના ચિંતનનો મેળ સોનામાં સુગંધરૂપ નીવડશે, તે મતલબનો આશાવાદ પ્રગટ કર્યો છે. અલબત્ત, તે સાથે ચેતવણીની રીતે નોંધ્યું છે કે કોઈ પણ દેશ, પક્ષ, પંથ યા વાદને હસ્તક ઇજારદારી દોર હોવો હિતાવહ નથી તેમજ એમાંથી એકેને અંગે અંધનિષ્ઠા કે અંધદ્વેષ પણ વિઘાતક છે.

સંપાદકીય કામગીરીમાં શ્રી રવિશંકર રાવળના મમતાભર્યા માર્ગદર્શન ઉપરાંત સુરેશ જોષી (કાવ્ય-આસ્વાદ) અને ગુલામ મોહમ્મદ શેખ (ચિત્રકલા-આસ્વાદ) દ્વારા 'વિશ્વમાનવ'ને મળેલી વિશિષ્ટતાનો તેમજ સહાયરૂપ યુવામિત્રો અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, મધુકર શાહ વગેરેનો વિશેષોલ્લેખ પણ કર્યો છે. પ્રથમ વર્ષ નિમિત્તે ઠીક-ઠીક વિગતે વાત કરવાનો હેતુ 'વિશ્વમાનવ'ના આરંભિક મિજાજને સમજાવવાનો છે. હવે પછી 'વિશ્વમાનવ'ની વિકાસરેખા ટૂંકમાં જોઈશું અને મહત્ત્વના નિર્દેશોની મિતાક્ષરી નોંધને ધોરણે ચાલીશું.

બીજા વરસની સામગ્રી પહેલા વરસે જન્માવેલ આશા અપેક્ષાને જેબ આપે એવી જ સમૃદ્ધ છે. એમાં પણ સંપાદકે વિનોબાની ગુજરાતયાત્રા સંદર્ભે કરેલું વૈચારિક મૂલ્યાંકન અને એના ઉજાસમાં તેમ વ્યાપક સંદર્ભમાં વિનોબા સાથેની એમની ચર્ચા, નેહરુનું સમગ્ર મૂલ્યાંકન,પરમાણુ

વિશેષાંક, ડૉ. જિહ્વાંગે સંબંધે ઊહ અને અપોહ વિશેષ રૂપે ધ્યાનાર્હ બને છે. કેરળમાં દુનિયાભરમાં લોકશાહી રાહે રચાયેલી પ્રથમ સરકાર વિષયક ચર્ચા પણ નોંધપાત્ર છે. એલન પેટન, હાવર્ડ ફાસ્ટનાં આચમન ઉપરાંત ટૉલ્સ્ટૉયની અના કેરેનિના અને ગોમાત્રિની કુમુદ વચ્ચેનો સુજો સજર્યો સંવાદ પણ અહીં સંભારવા જોગ છે.

૧૯૬૦નું વરસ ('વિશ્વમાનવ'નું ત્રીજું વરસ) ગુજરાત રાજ્યની સ્થાપનાનું વરસ હતું અને આ અવસરને શોભીતો સ્વાધ્યાયપૂર્વકનો વિશેષાંક ભોગીલાલ ગાંધી પ્રકાશિત કર્યા વિના રહે જ કેમ. નેહરુ-મીમાંસાના લેખો આગલા વરસથી ચાલુ હતા અને આ વરસમાં પણ રહ્યા. એટલું જ નહીં 'નેહરુ : અણુયુગનો સમન્વયક' નામે તે ગ્રંથસ્થ પણ થયા. પં. સુખલાલજીએ એની પ્રસ્તાવનામાં લખ્યું કે આ ગ્રંથમાં એટલી નક્કર સામગ્રી ભરેલી છે કે તે વાંચતાં કંટાળો આવે જ નહીં. જયપ્રકાશ નારાયણે 'એ પ્લી ફૉર રિકન્સ્ટ્રક્શન ઑફ ઇન્ડિયન પૉલિટી' નામે તૈયાર કરેલ વિશેષ ખરડાનો સાર અને એને અંગે ટીકાટિપ્પણ પણ આ જ વરસમાં સાથેલગાં સુલભ થયાં. જેમ ગુજરાતદર્શન વિશેષાંક (મે) તેમ સુરેશ જોષીના સંપાદનમાં, એમના પ્રવેશલેખ સાથે નવી નવલિકા-વિશેષાંક (ઑક્ટોબર) પણ આ વરસને નામે જમે બોલે છે. રૂસી, હંગેરિયાઈ, જપાની, અમેરિકી, ફ્રેંચ, બ્રિટિશ, જર્મન, સ્વિડિશ વાર્તાઓનું આ ચયન કરતી વેળાએ સુરેશ જોષીએ નવી નવલિકા વિશે એક માર્મિક અવલોકન કર્યું છે : ઘટનાનો ભારે વજનનો પથ્થર બાંધીને વાર્તાને ડુબાડી દેવી તે પણ ઠીક નથી.

આગલા વિશેષાંકોની જેમ જ 'ગુજરાતદર્શન'ને વ્યાપક આવકાર મળ્યો. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી સંપાદકનાં 'સાહસ અને દષ્ટિને યોગ્ય અભ્યાસવાળા લેખો મળ્યા...તેથી તે(અંક) વારંવાર ખપમાં આવશે', એવું કહ્યા વિના રહી શક્યા નહીં. ર. મ. રા. એ 'ગજબ કામ' તરીકે એની નોંધ લીધી તો તરુણ તૂર્ક જેવા ચુનીલાલ મડિયાએ 'તમારી કનેથી તો આવી જ અપેક્ષા હોય. આથી ઊણું કશું ન ચાલે.' એવી ટિપ્પણી કરી. ટૂંકમાં, પીતાંબર પટેલના શબ્દોમાં, 'જેમને ગુજરાતમાં રસ છે તેમણે 'ગુજરાતદર્શન' વાંચવું જ જોઈએ.'

વિશ્વસાહિત્યનો યત્કિંચિત બલકે આગ્રહપૂર્વકનો સંપર્ક શરૂઆતનાં આ બધાં વર્ષોનું એક નિત્યલક્ષણ રહ્યું છે. ઉત્સ્ફૂર્ત તો એવું કે રૂસના સોલ્ઝેનિત્સનથી માંડીને જપાનના યાસુનારી કાવાબાતા સહિત સંખ્યાબંધ સર્જકો હજુ નોબેલે પોંખાયા નહોતા તે પૂર્વે 'વિશ્વમાનવ' વાટે ગુજરાતને અક્ષરપ્રત્યક્ષ થયા હતા. એકંદરે 'વિશ્વમાનવ'ના ચાહક રહેલા વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીએ, જોકે સરજાતા વિશ્વસાહિત્યના સપાટામાં ૧૯મી સદીના કલાસિક્સ વણસેવ્યા રહે, તો 'પરસ્પેક્ટિવ'માં એથી કંઈક ખામી રહે એવીયે ટકોર કરી હતી.

૧૯૬૨માં રાષ્ટ્રીય સ્તરે ચૂંટણી અને પરિણામ આસપાસની ચર્ચા આરંભે મુખ્ય હતી. સંપાદકે કેડે કાંકરો મેલીને જોગવેલી સામગ્રી, પોતે દૈનિકની કામગીરીમાં મોકળેમને નિયોજી છે એવી આ ગાળામાં ઈશ્વર પેટલીકરની પોતાની કૉલમચર્યા અને આનુષંગિક લેખનપ્રવૃત્તિ સબબ સાહેદી જોવા મળે છે. ચીનનું આક્રમણ ૧૯૬૨ના ઉત્તરાર્ધથી 'વિશ્વમાનવ'ની ચાલુ સામગ્રી ઉપરાંત વિશેષ જગ્યા સ્વાભાવિક જ રોકે છે, કેમકે ઘટના અને ઘટનની દષ્ટિએ સંપાદક માટે તે પોતાના સમર્પિત સામ્યવાદી જીવનની પૃષ્ઠભૂ પર સવિશેષ તપાસલાયક બાબત બની રહે છે અને રાષ્ટ્રીય છેડેથી નાગરિક નિસબત તો એ છે જ.

હમણાં વિ.ર.ત્રિ.નાં જે હિતવચનો સંભાર્યા એની અણચિંતવી સાખ પૂરતો હોય એવો અદ્યતન સોવિયત સાહિત્ય વિશેષાંક સપ્ટેમ્બર-ઑક્ટોબર, ૧૯૬૩માં મળે છે. ખ્રુશ્ચોફયુગી ઉઘાડ પછી અને છતાં જે ચિત્ર પ્રવર્તતું હશે, એનો એક અંદાજ એથી મળી રહે છે. એક રીતે, 'પછી અને છતાં'ની પરિણતિ શાસન ક્ષેત્રે શું હોઈ શકે, એનો જે અહેસાસ વળતે વરસે દુનિયાને મળવાનો હતો — ખ્રુશ્ચોફના પતન રૂપે — એની નાન્દી-શો આ વિશેષાંક હતો.

વાત કરતે કરતે જરી આગળ નીકળી ગયા આપણે, પણ પાછળ નજર કરી એક ઉલ્લેખ ખાસ કરી લેવો જોઈએ તે ૧૯૬૧માં શતાબ્દી નિમિત્તે રવીન્દ્રદર્શન વિશેષાંકનો. ભોગીભાઈની પોતાની વિષયસજ્જતાને નગીનદાસ પારેખ, સુરેશ જોષી, નારાયણ દેસાઈ અને જયંતીલાલ આચાર્ય તરફથી 'ઘણો મોટો ફાળો અને સલાહ-સૂચન' પ્રાપ્ત થયાં હતાં. એની નોંધ એમણે 'સદ્ભાગ્ય' તરીકે લીધી છે. રવીન્દ્ર-પરિચય, રવીન્દ્ર- ચિંતન (ધર્મ, કલા, સંસ્કૃતિ, શિક્ષણ), રવીન્દ્રસર્જન(ગદ્ય, ગીતો, કાવ્ય, શિશુવાર્તા, શિશુકાવ્યો) આદિથી સંપન્ન ને સંગ્રાહ્ય આ અંકમાં સામાન્યપણે ગુજરાતમાં જેની ચર્ચા ઓછી થતી હોવાની છાપ છે, તે મુદ્દો — રવીન્દ્રનાથની રાષ્ટ્રવાદમીમાંસા — પણ આવરી લેવાયો છે, એટલી એક નોંધ સંપાદકીય સજ્જતાના પુનઃ પુનઃ નિદર્શન રૂપે ઉતાવળે પણ કરી લેવી જોઈએ.

૧૯૬૫ના વરસમાં ભારત-પાક સંઘર્ષને અનુલક્ષીને સ્વાભાવિક જ સવિશેષ સામગ્રી (માહિતી અને વિશ્લેષણ) સુલભ કરવાનું થયું. હંમેશ મુજબ સાહિત્યિક તથા અન્ય ઘટના-ઘટન સામગ્રી ઉપરાંત આ વરસ ઊતરતે સ્નેહરશ્મિની આત્મકથા 'મારી દુનિયા' ક્રમશઃ પ્રગટ કરવાનું શરૂ થયું તે અહીં ખાસ નોંધવું જોઈએ. કવિ અને કેળવણીકાર તરીકે સુપ્રતિષ્ઠ આ પ્રતિભાના ઉછેર અને ઘડતર વખતના ગુજરાત-મુંબઈની ચિત્રણા ઉપરાંત સ્વાતંત્ર્યસૈનિક તરીકેની એમની સમર્પિત સક્રિયતા અને જાહેરજીવનની નિરૂપણા આ આત્મવૃત્તાંતમાળાના એક વિશેષ રૂપે હવેનાં વરસોમાં 'વિશ્વમાનવ'ના વાચકોને મળતાં રહેવાનાં હતાં.

તાશ્કંદ-સમજૂતી, વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીની ચિરવિદાય અને ઇન્દિરા ગાંધીના ઉદય આદિ ઘટનાક્રમ સાથે ૧૯૬૬ના વરસમાં એશિયા વિશેષાંક નોંધપાત્ર રહ્યો. ૧૯૬૭નું વરસ જેમ લોકસભાની ચૂંટણીને ધોરણે રાષ્ટ્રજીવનમાં તેમ 'વિશ્વમાનવ'માં પણ એક પ્રકારે સંક્રાન્તિનું વરસ હતું; કેમકે બેંતાલીસ બિરાદરીના જૂના સાથીઓ 'વિશ્વમાનવ'માં સહભાગી થવાની હોંશ સાથે મળ્યા હતા. સ્વાતંત્ર્યસૈનિક અને વરિષ્ઠ પત્રકાર નીરુભાઈ દેસાઈ વગેરે સાથે લાંબા પરિચયની સુષમા અને પ્રજાસત્તાક સ્વરાજના નિર્માણની ધખનાનો સહજ મેળ પણ હતો. એમાંથી રેખા કા-ઑપરેટિવ પ્રિન્ટિંગ ઍન્ડ પબ્લિશિંગ સોસાયટી હસ્તક 'વિશ્વમાનવ' પ્રકાશિત થાય એવું ઠર્યું. 'રેખા'ના મૅનેજિંગ ડિરેક્ટર બકુલ ત્રિપાઠીનું નામ પ્રકાશક તરીકે મૂકવામાં આવ્યું. આગળ ચાલતાં આ જવાબદારી અનુક્રમે સૂર્યકાન્ત પરીખ અને દામુભાઈ શુક્લે સંભાળી હતી. મુખ્ય સંપાદક ભોગીભાઈ ઉપરાંત વિમલ શાહ અને રઘુવીર ચૌધરી, બે સહસંપાદક તેમજ બી. કે. મજમુદાર, યશવન્ત શુક્લ, નીરુભાઈ દેસાઈ સંપાદકમંડળના સભ્યો તરીકે સંયોજાયા. આ નવા આયોજનમાં કામગીરીનું કેન્દ્ર સ્વાભાવિક જ અમદાવાદ બન્યું અને સ્થળ પરની

સંપાદકીય જવાબદારી સહસંપાદક રઘુવીર ચૌધરીએ સંભાળી. તે પછી સપ્ટેમ્બર ૧૯૬૮થી આ લખનાર પણ એક સહસંપાદક તરીકે સંકળાયો.

રેખાતબક્કાની એક વિશેષતા એણે પરિસંવાદોની જે રમઝટ બોલાવી એમાં હતી. આ પરિસંવાદોમાં વ્યાપક સામેલગીરી અને સઘન ચર્ચાનું એક ધોરણ હતું, પછી તે બધું અંકમાં લેખરૂપ સંકલિત-સંપાદિત થતું. ચૂંટણીના સંદર્ભમાં લોકશાહીની સમસ્યા, પદ્યનાટક, ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ઇષ્ટ પરિવર્તન, વર્તમાન આર્થિક સમસ્યા અને ઉકેલ, કેન્દ્ર-રાજ્ય સંબંધો, કલાશિક્ષણ, શૈક્ષણિક સ્વાયત્તતા, ટૂંકી વાર્તા, અનુવાદ, ભારતીય ખેતીની સમસ્યા, રશિયન ક્રાંતિનાં પચાસ વરસ, બૌદ્ધિકોનું દાયિત્વ, હર્બર્ટ રીડ જેવા વિષયો આ નિમિત્તે ચોમેરચોફેરથી તપાસાયા અને ચર્ચાયા. ઉમાશંકર જોશી, મનુભાઈ પંચોળી, કપિલરાય મહેતા, નગીનદાસ સંઘવી, દેવવ્રત પાઠક, હરિવલ્લભ ભાયાણી, જયંતી દલાલ, રજની કોઠારી, કીર્તિદેવ દેસાઈ, ડોલરરાય માંકડ, એસ. આર. ભટ્ટ, પુરુષોત્તમ માવળંકર, વી. એસ. વ્યાસ, ગિરીશ પટેલ, શંખો ચૌધરી, માધવ અચવળ, જ્યોતિ ભટ્ટ, ચંદ્રકાન્ત દરુ, એમ. એલ. દાંતવાલા, એ. બી. શાહ, રાવજીભાઈ પટેલ, અચ્યુત યાજ્ઞિક; આ થોડાંક જ નામો વિવિધ પરિસંવાદ નિમિત્તે અહીં સંભારીએ છીએ.

"નવતર અનુભૂતિ અને નવતર ચિંતનની તાજગી એનો પ્રાણવાયુ બન્યો, જ્યાં ક્યાંયથી 'ઓઝોન' મળે ત્યાંથી ખોબેખોબા ફેફ્સાંમાં ભરી લેવાનો તલસાટ વધતો ગયો. અને એ વરસોમાં લગભગ નિયમિત મળતું નાનું-શું 'ગુરુવારિયું' (મંડળ) ગુજરાતભરમાં હિલ સ્ટેશન સમું તંદુરસ્ત હવા માટેનું આનંદધામ બની રહ્યું"

ફેબ્રુઆરી ૧૯૬૯થી મુખ્ય કે સહ એવી ઓળખથી નિરપેક્ષપણે ભોગીલાલ ગાંધી, વિમલ શાહ, રઘુવીર ચૌધરી, પ્રકાશ (ન.) શાહ એમ સંપાદકમંડળ તરીકે ચાર નામનો ચાલ શરૂ થયો. આ વરસમાં ગાંધીશતાબ્દી, અમદાવાદમાં કોમી રમખાણ, કૉંગ્રેસના વિઘટનની શરૂઆત, પાઠ્યપુસ્તકોનું પ્રકાશન રાજ્ય સરકાર હસ્તક લેવા માટે બોર્ડની રચના જેવા ઘટનાક્રમમાં વિશેષાંક, લેખનગુચ્છ, પરિસંવાદ, લાંબી ટિપ્પણી એમ અલગ-અલગ ધાગે બરાબર કામ લઈ શકાયાની છાપ ઊઠે છે. ગાંધીશતાબ્દી નિમિત્તે વિશેષાંકની સામગ્રીમાં ગાંધીવિચાર બાબતે પરત્વે આમૂલ પુનર્વિચારની જરૂરત ચીંધતો લેખ પણ હોઈ શકે, તે પાછળ નજર કરતાં 'વિશ્વમાનવ'નો સ્વતંત્ર ખોજમિજાજ બરકરાર હોવાની સાખ પૂરે છે.

દરમિયાન, સંજોગો બદલાયા. આમ તો, જોકે, ભોગીભાઈએ નોંધ્યું છે તેમ, "રેખા સહકારી પ્રવૃત્તિનો આરંભ 'વિશ્વમાનવ'થી થયો. બૌદ્ધિક ક્ષેત્રે ચિંતનના એક મહત્ત્વના માધ્યમ તરીકે તેનો ઘાટ ઘડાતો થયો. સાહિત્ય, શિક્ષણ, રાજકારણ, અર્થકારણ, વિજ્ઞાન અને લલિતકલાનાં વિવિધ પાસાંઓને મહિને-મહિને પરિસંવાદો અને સંવિવાદ દ્વારા વાચા મળી. 'વિશ્વમાનવ'નું કાઠું પુષ્ટ થતું ગયું. સાથોસાથ પ્રેસની પ્રવૃત્તિ સમગ્ર પ્રવૃત્તિનું કેન્દ્ર બને અને 'વિશ્વમાનવ' તેનું માધ્યમ બને એવી શક્યતાઓ પણ ઊપસી આવી. પ્રયાસો થયા. અનેક સન્નિષ્ઠ અને શુભકામનાઓ ફળે જ એવું હંમેશ બનતું નથી. ૧૯૬૯ના અંતમાં રેખાની આંતરિક-આર્થિક સ્થિતિ સમજીને મેં જેટલા સહજભાવે ને ઉમળકાથી 'વિશ્વમાનવ' તેમને સોંપ્યું હતું. તેટલા જ સહજભાવે ને ઉમળકાથી મને પાછું સોંપવા વિનંતી કરી, અને સંસ્થાએ તા. ૮-૧-૧૯૭૦ના રોજ ઠરાવ કરીને મને 'વિશ્વમાનવ' પરત કર્યું. છતાં, ખૂબ જ ખુશીની હકીકત એ છે કે આ દિવસોમાં મારી તબિયત — કદાચ લાંબો સમય હું નિષ્ક્રિય રહું તેવી બગડતી દેખાતાં મેં તત્કાળ 'વિશ્વમાનવ' આગળ ચલાવવાનું કદાચ ન બને એવો ઈશારો કર્યો કે તરત જ રેખાના કાર્યકર્તાઓએ 'વિશ્વમાનવ' બંધ પડે તે કરતાં મુશ્કેલીમાંય ચલાવવાનું વિચાર્યું ! 'વિશ્વમાનવ' પ્રત્યેની એમની આ મમતા માટે મેં એમનો અહેસાન માન્યો, તે પહેલાં, 'વિશ્વમાનવ'ના પરિવાર સમા સાથીઓએ પોતાને શિરે ઘણો બધો બોજ ઉપાડી લેવાની તૈયારી બતાવી મને નિશ્ચિંત કરી દીધો હતો...

"૧૯૭૦ જાન્યુઆરીથી 'વિશ્વમાનવ સંસ્કારશિક્ષણ ટ્રસ્ટ'ની પ્રવૃત્તિ રૂપે 'વિશ્વમાનવ' (હવે દ્વિમાસિક રૂપે) પ્રગટ કરવાનું નક્કી થયું છે. મારે માટે તો, 'વિશ્વમાનવ' અનેક નવા સંબંધોની સુગંધ લઈને પાછું આવ્યું છે. પૂરાં બાર વર્ષ (૧૯૫૮થી ૧૯૬૯) — એક 'તપ' પૂરું થયું છે. પૂરા ૧૦૮ અંકે માળાનો એક આંટોય પૂરો થયો છે. હવે કેવળ મારી અંગત 'અર્જ' પર મુસ્તાક રહીને આજે જ્યારે એનો બધો બોજો એકલપંડ ઉઠાવવાની ગુંજાશ ઓછી થઈ છે ત્યારે (ત્યારે હું ૪૭નો હતો, હવે ૫૯ પૂરાં કરું છું એ પણ ખરું) મારો ભાર મિત્રોને માથે લાદીને હળવાશ અનુભવવા નથી ઇચ્છતો. કોઈના પર બોજ લાદીને જ ચલાવવાનો રસ હતો નહિ અને છે નહિ, છતાં, 'વિશ્વમાનવ'ની હયાતી ટકી રહેશે, તો એ મારે માટે એક મોટું આશ્વાસન હશે...

"આવી મનઃસ્થિતિમાં વિશ્વમાનવનાં પરિવારજનો તા. ૨૬મી જાન્યુઆરીએ ભેગાં થયાં. વૈયક્તિક 'અર્જ' અને સંસ્થાકીય 'જરૂરિયાત'ના અનુભવો સાથે હવે 'વિશ્વમાનવ' ત્રીજી મંજિલ ખેડે છે..."

જુગતરામ દવે (અધ્યક્ષ), ભોગીલાલ ગાંધી (સંયોજક), સુભદ્રા ગાંધી (સંચાલક), નગીનદાસ પારેખ, ભાઈદાસભાઈ પરીખ એ સ્થાપક ટ્રસ્ટીઓ અને ગગનવિહારી મહેતા, બબલભાઈ મહેતા, ધીરુભાઈ મ. દેસાઈ તેમજ નાનુભાઈ અમીન એ પરામર્શકો, આ ધોરણે ટ્રસ્ટ કાર્યરત થયું અને નગીનદાસ પારેખ તેમજ ભોગીલાલ ગાંધીના પરામર્શનમાં પ્રકાશ ન. શાહ, અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, મુકુંદરાય મુનિ, સુમન શાહ, સુભદ્રા ગાંધીનું સંપાદકમંડળ બન્યું. સંપાદકીય પત્રવ્યવહાર માટે પ્રકાશ ન. શાહનું નામ મૂકવા સાથે ત્યારે બીલીમોરામાં ગુજરાતી શીખવતા અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ (સાહિત્યવિભાગ : સર્જન) અને કપડવંજ કૉલેજમાં કાર્યરત સુમન શાહ (સાહિત્યવિભાગ : વિવેચન) એમ જવાબદારી ફાળવવામાં આવી.

ભોગીભાઈએ ૨૬ જાન્યુઆરી, ૧૯૭૦ના દિવસે (એમના સાઠમા જન્મદિવસે) એમને ત્યાં જે પરિવાર મળ્યાનો ઉલ્લેખ કર્યો છે, તે પૈકી એક આ લખનાર પણ હતો. સ્વરાજની પહેલી પચીસી ઊતરતે, અણુયુગના સમન્વયક નેહરુના સત્તર વરસના શાસનકાળ પછી, એમની જેમ જ વૈશ્વિક પરિમાણ અને રાષ્ટ્રીય ધારામાં છતાં સમાંતર હોઈ શકતી વિનોબા-જયપ્રકાશની સત્તાબાહ્ય ગતિવિધિથી માંડીને ગાંધી-શતાબ્દીપર્વ જેવાં સહજ મંથનમોકાભેર વિવિધ પ્રવાહો અને પરિબળો વચ્ચે પેલું ઓઝોન ગુરુવારિયું હવે વ્યાપક અર્થમાં ક્યાં ઠરવા કરતું હશે, એનો અંદાજે હિસાબ આપતું જે એક નિવેદન અમે ત્યારે ઘડેલું — વ્યક્તિગત, વિધિવત્ સંમતિથી નિરપેક્ષપણે છતાં અણકહી એકંદરમતી જેવું — તે જાન્યુઆરી–ફેબ્રુઆરી ૧૯૭૦ના અંકમાં (એટલે કે વિશ્વમાનવ સંસ્કારશિક્ષણ ટ્રસ્ટના નેજા હેઠળના પ્રથમ

અંકમાં) પ્રકાશિત કર્યું હતું. એનું શીર્ષક 'મનોરથ અને મથામણ' એવું આપ્યું હતું. અહીં એની એકંદર રૂખ અને મિજાજનો કંઈક ખયાલ મળી રહે, એ ખયાલે એનો ઉત્તરાર્ધ ઉતારીએ છીએ :

★ ચાલો આપણે બૌદ્ધિકો અને સર્જકો – દેશી કે વિદેશી, પુરાણયુગી કે મૉડર્ન – કોઈ પણ પ્રકારનાં વાડા કે બંધિયારસૂત્રોની સાંકળોમાંથી દૂર થઈએ. જ્યાંક્યાંયથી જે કોઈ આકારે કે પ્રકારે સર્જનનો આહ્લાદ મળે, ત્યાં તેને બાથ ભરીને આલિંગીએ. જ્યાંક્યાંય, જે કોઈ નામે અને નિમિત્તે ચિંતનનાં ઊંડાણ લાધે ત્યાં અવગાહન કરીએ.

★ ચાલો આપણે – બૌદ્ધિકો અને સર્જકો – પોતાના કોચલામાં ગૂંગળાઈ મરવાને બદલે, સમસ્ત ચૈતન્યના જ્યાં ફુવારા ઊડે છે તે દિશા ઢૂંઢીએ. હૃદયમનની ક્ષિતિજો વિસ્તારવા ઝંખતા, નવું-નવું પામવા મથતા તરુણો, વિદ્યાર્થીઓ, અધ્યાપકો, અભ્યાસીઓ અને અદના નાગરિકો સૌની સાથે સાદ્યંત સેતુ બાંધીએ – અખંડ સંવાદ સાધીએ અને તે દ્વારા આપણે આપણાપણું અનુભવીએ.

★ ચાલો આપણે વિજ્ઞાન, સાહિત્ય, ટૅક્નોલૉજી, શિક્ષણ, રાજકારણ, અર્થકારણ, મનોવિજ્ઞાન, સમાજકારણ અને તત્ત્વચિંતન આદિ ક્ષેત્રો વચ્ચેની આડશો વટાવી જઈએ; તે દરેકની વિશેષતા અને વિલક્ષણતા છતાં, તેમની અલગતાને જ પોષનારી કૃત્રિમ દીવાલો તોડીએઃ નિષ્ણાતીકરણને નામે પોષાતી અલગતા અને એકાંગિતાને બદલે અખિલાઈ આરાધીએ.

ચાલો, આપણે સૌ એવો સમાજ ઝંખીએ અને એવાં મૂલ્યો માટે મથીએ જ્યાં કલા, કારીગરી અને શ્રમ સૌંદર્યમયી અને આનંદમયી અનુભૂતિ બની રહે – તંદુરસ્ત જીવનની પ્રક્રિયા બની રહે.

વાચક જોશે કે આ નિવેદનમાં સહૃદય સાહિત્યસેવન અને સૈદ્ધાંતિક ધોરણે સ્વાધ્યાયપુત તેમ કંઈક મુગ્ધ – કંઈક વયસ્ક એવી કર્મશીલતા વાસ્તે હોંશ ને અજંપો સેવતી મંડળીનો મિજાજ ફોરવા કરે છે. પરમાનંદ કુંવરજી કાપડિયાએ મુંબઈની સુપ્રતિષ્ઠ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પોતાની વાત કરવા માટે ભોગીભાઈને નિમંત્ર્યા, ત્યારે ગાંધીની વિદ્યાપીઠની શિક્ષાદીક્ષા અને સામ્યવાદી પક્ષની સમર્પિત કામગીરી તેમજ એમાંથી બહાર આવવાની પ્રક્રિયા, આ સઘળું સંભારીને ભોગીભાઈએ એક ભવમાં બે ભવ કર્યાની લાગણી પ્રગટ કરી હતી, એ અહીં સાંભરે છે. છાયાભેદે અને ઝોકફેરે ગુજરાતમાં ત્રીસીનાં જે સંતાન આવ્યાં, ગાંધીએ ઘડાયાં ને માર્ક્સે ખેંચાયાં, એમણે પોતપોતાની રીતે સમજનો લય કેળવી – કોઈકે માર્ક્સને ગાંધીસાત્ કરી તો કોઈકે ગાંધીને માર્ક્સસાત્ કરી – ચોક્કસ દિશા ને ગતિની કોશિશ કીધી હતી. કોઈ પક્ષીય કે સીધા છાવણીગત સંધાન વિનાનું આ નિવેદન કંઈક અંશે એ પ્રક્રિયાને પ્રતિનિધિતને વ્યાખ્યાયિત કરતું કહી શકાય, એમ પાછળ નજર કરતાં લાગે છે.

આ નિવેદન લખાયું ત્યારે જોકે અણુયુગની સમન્વયક એવી કહો કે જવાહર – જયપ્રકાશની સમાંતર છતાં સાથે હોઈ શકતી ધારાને ઇન્દિરાઈ રાજકારણગત નવા વળ અને આમળા ચડી રહ્યા હતા. એટલે વ્યાપક નાગરિકસમાજમાં હમણાં લગી છેક જ નહીં તોપણ નહિવત્ એવા ધ્રુવીકરણ અને મોરચાબંધીની સંભાવના ઊભરવામાં હતી. કલા, કારીગરી, અને શ્રમ એક સૌંદર્યમયી અને આનંદમયી અનુભૂતિ બની રહે – તંદુરસ્ત જીવનની પ્રક્રિયા બની રહે એવા ન્યાયી સમાજ માટેની ધખનાએ રાજકારણના કેવાંક વળાંક, વહેણ અને વમળ સાથે કામ પાડવું રહેશે, એ અમૂઝણ ક્ષિતિજ પર દેખીઅણદેખી ડોકાઈ રહી હતી, પણ એનો અનિવાર્ય નિર્દેશ યથાક્રમ કરીશું.

નવપ્રસ્થાનના પહેલા જ અંકમાં બર્ટ્રાન્ડ રસેલને અંગે અંજલિવિશેષ, 'સમાજવાદ : પુનર્વિચાર' એ સંવિવાદ (એ. બી. શાહ, એમ. એલ. દાંતવાલા, બી. કે. મજુમદાર, સંપૂર્ણાનંદ, રાજગોપાલાચારી, આચાર્ય કૃપાલાની), વ્યક્તિ અને સમાજ (હર્બર્ટ રીડ), 'વેઇટિંગ ફૉર ગોદો' (સુમન શાહ), જાત જોડે (જયંતી દલાલ) રાષ્ટ્રીય લોકશાહી મોરચો અને સમાજવાદની 'મિથ' (પ્રકાશ ન. શાહ), ઉદ્યોગધંધાના અગ્રણીઓ અને લોકશાહી પ્રગતિ (ભોગીલાલ ગાંધી) વગેરે વિષયો જોવા મળે છે.

અહીં નમૂનાદાખલ સમગ્ર અંકની ઝલક આપી છે, પણ હવે મિતાક્ષરી નિર્દેશથી આગળ ચાલીશું.

૧૯૭૦ના વરસમાં સ્નેહરશ્મિની આત્મકથાનો બીજો ભાગ 'નવી કેડી' શરૂ થાય છે, તો સમાજવાદ વિષયક પુનર્વિચાર-અને-સહવિચારના દોર સાથે ચાલુ રાજકીય વ્યૂહરચનાના તક અને તકાજાને અનુલક્ષીને 'રાષ્ટ્રીય લોકશાહી મંચ'ના ખ્યાલ આસપાસ સંવિવાદ-પત્રચર્ચા, સરકારી બોર્ડ હસ્તકનાં પાઠ્યપુસ્તકોની ચર્ચા, શહેર (અમદાવાદ)ની રચના અને વિકાસને સમજતી-સમજાવતી લેખમાળા (પનુભાઈ ભટ્ટ) વગેરે ધ્યાનાર્હ બની રહે છે. રશિયા છાંડી ભારત વાટે અમેરિકામાં આશ્રય લેતી સ્તાલિનપુત્રી સ્વેતલાનાનાં સંભારણાંની શ્રેણી 'એ પનોતું એક વરસ' (રજૂઆત : સુભદ્રા ગાંધી) આ વરસમાં શરૂ થાય છે, તો જયંતી દલાલે અવસાનના થોડા દિવસ પૂર્વે આ લખનારને બોલાવી હાથોહાથ સોંપેલ 'વજીરનો હાથી' (ઇવો આન્દ્રીચ કૃત લાંબીટૂંકી વાર્તા કે લઘુનવલનો અનુવાદ) પણ યાદગાર છે.

૧૯૭૧નું વરસ ઇન્દિરા ગાંધી હસ્તક મધ્યસત્ર ચૂંટણી અને તેમની કૉંગ્રેસ માટે વ્યાપક લોકસભા-સમર્થનનું હતું તેમજ બાંગ્લાદેશમાં, ત્યાંની મુક્તિવાહિનીની તરફેણમાં એમના નેતૃત્વ હેઠળ સશસ્ત્ર કુમકના અભૂતપૂર્વ નિર્ણયનું હતું. 'વિશ્વમાનવ'માં આ અંગેની ચર્ચામાં પૂર્વ બંગાળ સાથે કેન્દ્રીય પાક સરકારનો એક સંસ્થાન જેવો વહેવાર તેમજ બાંગલા ઉન્મેષની રાષ્ટ્રવાદી તાસીર ને સ્વાતંત્ર્યઝંખના સુપેરે ઊપસતાં માલૂમ પડે છે. જ્યાં સુધી ઇન્દિરા કૉંગ્રેસ અને મધ્યસત્ર ચૂંટણી સહિતના ઘટનાક્રમનો સવાલ છે, બે સ્પષ્ટ સામસામા મતને અહીં સ્થાન અપાયું છે. 'નવી કૉંગ્રેસની તરફેણમાં' (રજની કોઠારી) અને 'ઇન્દિરાશાહી સમાજવાદ અને લોકશાહી' (ભોગીલાલ ગાંધી) બેઉ છેડાનાં નિદર્શન છે. દર અંકે પહેલે પાને મુકાતી ચિંતન/વિમર્શનોંધમાં પણ ભોગીભાઈની કોશિશ દેશના રાજકારણ વિષયક સૈદ્ધાંતિક પૃષ્ઠભૂગત ઊહાપોહની અગર સહવિચારની જણાય છે, જેમકે 'થોડી લાંબી અને છતાં મૂલ્યદષ્ટિએ પાયાની પ્રક્રિયા ઓળંગી જઈને રાતોરાત ફતવાઓ દ્વારા – અન્યથા મુશ્કેલ અને લાંબો લાગે એવો નિર્ણય, ટૂંકા રસ્તાની સરળ તરકીબ દ્વારા દેશને માથે ઠોકવાની પદ્ધતિ લોકશાહીની જ વિઘાતક નીવડે છે… હકીકતમાં લોકશાહી બંધારણનાં મૂળિયાંને જ મચોડે છે, તોડે છે…' જાન્યુઆરી-૧૯૭૧ની આ ચિંતનનોંધ બાબતે ભોગીભાઈનો તે પછીના અંકમાંનો લેખ ખાસો ફોડ પાડતો બની રહે છે, દા.ત., 'ઇન્દિરાજી જે નિસરણીનાં પગથિયાં ચડતાં જાય છે તે જ પગથિયાં તેઓ તોડતાં જાય છે… પરંતુ, તેઓ ભૂલી જાય છે કે તેટલા પ્રમાણમાં લોકશાહીની સીડી બોદી થતી જશે. ધરતી પરના લોકોની ભૂમિકાથી તેઓ એટલાં તો કપાઈ

જશે કે તેમને માટે સરમુખત્યારીનો જ એકમાત્ર ઉપાય સહજ બની જશે.' ગમે તેમ પણ, દેશની રાજનીતિ એક નવા તબક્કામાં પ્રવેશી રહી હતી, તે પૂર્વે પાછળ નજર કરી બધું સમીચીનપણે સંકોરી લેવું હોય તેમ ડિસેમ્બર ૧૯૭૧ના અંકમાં ભારતીય રાજકારણ વિશે એક આખો લેખગુચ્છ વિશેષ રૂપે અપાયો છે.

આ બધાં વર્ષોને રાજકીય વળાંક સંદર્ભે વિશેષ સંભારાય છે, એવી છાપ વાચકને પડે તો ખોટું નથી. માત્ર, આવો એક ઢોળાવ છતાં વિવિધ વિચારપ્રવાહો, પરિબળો, પ્રતિભાવો ચર્ચવાનું કદાપિ છૂટ્યું નથી એટલું અહીં એક વાર અધોરેખિતપણે અંકિત કરી લેવું જોઈએ. અબૂ સઈદ અય્યુબના અનુભવે લેખો, 'સમકાલીનતા અને આધુનિકતાઃ જીવનમાં અને સાહિત્યમાં' ને અનુલક્ષીને સૌમ્યેન્દ્રનાથ ઠાકુરે કરેલી છણાવટ, 'ગુપી ગાઇન બાઘા બાઇન', 'અનુભવ' જેવી ફિલ્મ-સમીક્ષા, બ્રોનોવ્સ્કીની દૃષ્ટિએ વિજ્ઞાન-સમીક્ષા તરેહનો દોર અલબત્ત અનિરુદ્ધ રહે છે. 'ભારતે અણુબૉમ્બ બનાવવો જોઈએ?' 'બૌદ્ધિકનો યુગધર્મ' જેવા પરિસંવાદો (ઊહાપોહ) પણ સંભારવા જોગ છે, તો અરવિંદ શતાબ્દીને અનુલક્ષીને સમૃદ્ધ વિશેષાંક પણ કેમ વણનોંધ્યું રહે.

> પહેલા અંકના લેખકોમાં જ સુરેશ જોષી, રવિશંકર મ. રાવળ, મધુકર શાહ એમ બંધાતી ટીમ ઊભરી આવે છે. રવિભાઈ ર.મ.રા. એમ ટૂંકી સહી સાથે 'હરતાં ફરતાં'ની કોલમકારી કરતા તો મધુકર શાહ વિજ્ઞાન ક્ષેત્રે વિહરતા, અને સુરેશભાઈ સાહિત્ય ક્ષેત્રે સર્જનથી માંડીને આસ્વાદને આવરી લેતા. બીજા જ અંકથી ગુલામ મોહમ્મદ શેખ ચિત્રકળાનો આસ્વાદ કરાવતા માલૂમ પડે છે

નવેમ્બર ૧૯૭૨થી સંપાદકમંડળમાં પ્રકાશ ન. શાહ અને અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ પૂર્વવત્ રહે છે, જ્યારે બાકી નામો જણાતાં નથી, અને રમેશ મ. ભટ્ટનું નામ ઉમેરાય છે. ૧૯૭૩નું વરસ ગુજરાતના આદિવાસીઓ વિષયક ઘનશ્યામ શાહ વગેરેના ત્રણ અભ્યાસલેખોના ગુચ્છથી તેમ ચાર લેટિન અમેરિકી કવિઓ વિષયક ચંદ્રકાન્ત ટોપીવાળાની લેખમાળાથી ધ્યાનાર્હ બની રહે છે. અન્ય લેખસામગ્રી ઉપરાંત આ વરસમાં ગુજરાતના રાજકારણ અને જાહેરજીવન વિષયક કેટલીક સામગ્રીમાં ૧૯૭૪ના નવનિર્માણ આંદોલનના પૂર્વસંકેતનો ખયાલ મળી રહે છે. જૂન ૧૯૭૩નો અંક, આમ તો, સુભદ્રા ગાંધીના સંકલન-સંપાદનમાં 'ટૉલ્સ્ટૉયનું અંતરંગ દર્શન' પ્રગટ કરતો વિશેષાંક છે, પણ આ અંકમાં ૧૯૭૩ના ડિસેમ્બરમાં સોળ વરસ પૂરાં કરી 'વિશ્વમાનવ' સત્તરમા વરસમાં પ્રવેશશે એવી પહેલા પાનાની નોંધને છેડે હવેનાં વર્ષોમાં અગાઉના સાતત્યપૂર્વક પણ વિશેષ રૂપે 'વિશ્વમાનવ'ની સક્રિય ભૂમિકા શું હશે, એનો નિર્દેશ મળી રહે છે :

'વિશ્વમાનવ' દુઃખી છે. ચોપાસ વધતી ભીંસ સામે વધતી જતી અસહાયતાના અનુભવે અધિક વ્યથિત છે. વૈચારિક શુદ્ધિ માટેની સમ્યકચિંતનની ભોંય જ જાણે સરકી ગઈ છે. બૌદ્ધિકો વચ્ચે મૂળભૂત અભિગમની એકવાક્યતા હોય એ ઇષ્ટ છે. એ ન હોય તોપણ, ભિન્ન અને વિરોધી અભિગમો હોય તોય, ભેગા થવાની ભૂમિકા, પરસ્પરને સમજવાની ગરજ-આરત હોય, અને જે સાચું માન્યું તેને, જોખમ ખેડીને, પ્રગટ કરવાની અને વ્યવહારમાં મૂકવાની નિષ્ઠા હોય તોય બસ.

"હા, લોકશાહી સુરક્ષાસંઘ છે, ડેમોક્રેટિક ફોરમ છે, આચાર્યકુળ જેવી સંસ્થા છે; લોકસેવક સંઘ ઊભો થઈ રહ્યો છે. આ બધી સંસ્થાઓ, શિક્ષકો, સાહિત્યકારો, પત્રકારો, ચિંતકો; બૌદ્ધિકોની જમાત માટે 'સહચિંતન' માટેની મિલનભૂમિ બની શકે... 'વિશ્વમાનવ' એ દિશામાં કશુંક તો કરી શકે જ..."

૧૯૭૦માં વિશ્વમાનવ સંસ્કારશિક્ષણ ટ્રસ્ટ વાટે, એક અર્થમાં નવપ્રસ્થાન પેઠે, જે અભિલાષ પ્રગટ કર્યો હતો, એના અનુષંગે ગુજરાતમાં જાહેરજીવનની દૃષ્ટિએ કશીક દરમિયાનગીરીના બનતા આવતા માહોલના નિર્દેશરૂપે હમણાં ટાંકી તે નોંધ જોવા જેવી છે. એક રીતે, ૧૯૭૪માં નવનિર્માણ – બિહાર આંદોલન સાથે લોકપહેલ અને પ્રજાસૂય હસ્તક્ષેપનું જે નવ્ય હોઈ શકતું રાજકારણ હતું એ સંદર્ભે વિશ્વમાનવના પરામર્શક-સંપાદક (ભોગીભાઈ અને પ્રકાશ) ની સંભવિત ભૂમિકાનો આ સંકેત હતો. આંદોલનમાં સીધી દરમિયાનગીરીથી માંડીને સહભાગિતાના અર્થમાં ન હોય ત્યારે પણ વૈચારિક આપ લે, મતઘડતર, એ ધોરણે એકત્ર આવવાની બળુકી ચેષ્ટા એમાં અભિપ્રેત હતી. 'કમ્પેરિંગ નોટ્સ' અલબત્ત બધો વખત, બધે તબક્કે એક ચાલુ પક્રિયા હોય જ; પણ એથી આગળ જવાની અનિવાર્યતા પણ સમજાતી હોય એવી ગાભણી ને ગોરંભાયેલી નિયતિ જાણે...

ફેબ્રુઆરી ૧૯૭૪ના નવનિર્માણ દિવસોને અનુલક્ષીને 'લોકઆંદોલન : શિસ્ત – શુદ્ધિ – પુષ્ટિ' એવી અગ્રનોંધમાં ગુજરાતમાં જયપ્રકાશ નારાયણની વિશેષ ઉપસ્થિતિ અને પ્રત્યક્ષ માર્ગદર્શનમાં લોકસ્વરાજ આંદોલનનાં મંડાણની જિકર સાથે સમાપનવચનોમાં કહ્યું છે : "૨૫ વર્ષ સુધી ગાંધીની 'તલવાર' વાપરી નહીં ને કટાઈ ગઈ.. હવે કટાયેલી તલવાર ઘસીને કાટ ઉતારવાની પ્રક્રિયા જેટલી વહેલી શરૂ થશે, એટલી ક્રેડિટેબિલિટી – વિશ્વસ્તતા પ્રાપ્ત કરશે..."

નવનિર્માણ-આંદોલન અને લોકસ્વરાજ-આંદોલન વિશે માહિતી ને ટિપ્પણી, બિહાર-આંદોલનના અગ્રચરણને અનુલક્ષીને નુક્તેચીની સમેત વિગતો, બિહાર-આંદોલનનો એક આંખોદેખા હાલ (ભોગીભાઈની જેપી સાથેની પ્રવાસનોંધ) ૧૯૭૪માં પ્રકાશિત સામગ્રીનો સિંહભાગ રોકે છે. જોકે કળાની સાર્થકતા, રવિભાઈ સાથે કળાચર્ચા, હેમિંગ્વેની વાર્તાકલા, ઉસ્તાદ અમીરખાં સાહેબ, સવિશેષ તો સોલ્ઝેનિત્સિનની સુદીર્ઘ આત્મકથાત્મક નોંધ વગેરે વૈવિધ્ય જારી છે. દાદા ધર્માધિકારીની વિશેષ ટિપ્પણી, આચાર્ય કૃપાલાનીની ગાંધી-વિનોબા મીમાંસા તેમજ પ્રબોધ ચોકસીની જેપી ટીકા બાબતે ભોગીભાઈની મુખતેસર પ્રતિક્રિયા પણ આ સંદર્ભમાં સ્મરણીય છે.

૧૯૭૫માં જેપી દોર અગ્રતાક્રમે આગળ ચાલે છે. આંદોલન સબબ રાષ્ટ્રીય સ્તરની ચર્ચાસામગ્રી ઉપરાંત લોકસ્વરાજ અંદોલન – લોકશક્તિ સંગઠન – લોકસંઘર્ષસમિતિ અને જનતામોરચા લગીની રચનાપ્રક્રિયાની વૈચારિક પૃષ્ઠભૂ સહિતની ગતિવિધિ અહીં જોવા મળશે અને જૂન, ૧૯૭૫માં ગુજરાતમાં જનતામોરચા સરકારની વાંસોવાંસ ૨૫મી જૂનથી દેશભરમાં જાહેર થયેલ કટોકટી પરત્વે પ્રતિભાવ પણ જોવા મળશે. કટોકટી સાથે સેન્સરશિપ જોડે આટાપાટાપૂર્વકની વિચાર-અને-પ્રતિકાર-સામગ્રી જોગવવાનો પડકાર, પ્રકાશ ન. શાહ અને રમેશ મ. ભટ્ટની સંપાદકીય સહાય સાથે ગાંધી દંપતીએ સુપેરે ઝીલી જાણ્યો. 'સબ કો સન્મતિ દે ભગવાન' એ આર્તવચનો નવાખલી યાત્રી ગાંધીના રેખાચિત્ર સાથે આ મહિનાઓનો એક રાબેતો હતો. સ્વતંત્રતા-અને-જાગૃતિ-લક્ષી

વાચન માટે સોલ્ઝેનિત્સિનનો સંગ્રામલેખ, માર્ટિન લ્યુથર કિંગની જીવનયાત્રા; સુરેશ જોષીની જનસત્તા-લોકસત્તાની કૉલમકારીમાં સીધા નિર્દેશ વગર કટોકટીવલણોની ટીકા ઊપસી રહે એવી લલિત જેવી કામગીરી, સેન્સરની નજરે પસાર થઈ શકેલા કીર્તિદેવ દેસાઈ-પ્રવીણ ન. શેઠના લેખો, સૂચિત બંધારણસુધારાની ચર્ચા પણ ધ્યાનાર્હ છે.

૧૯૭૬માં પણ આ જ દોર જારી છે. જોકે માર્ચમાં જનતામોરચા સરકારના પતન સાથે આ લખનારની મિસા અંતર્ગત જેલ કેટલાક પ્રશ્નો ઊભા કરે છે. માર્ચ-એપ્રિલ-મે સંયુક્ત અંક 'ક્ષમસ્વ' મથાળે એવી નોંધ સાથે પ્રગટ થાય છે કે ટ્રસ્ટના સંયોજકની લાંબી માંદગી અને સંપાદકની અટકાયતને કારણે અસાધારણ વિલંબ થયો છે. દેખીતી રીતે જ આ ગાળામાં સુભદ્રા ગાંધી પર વિશેષ બોજ આવે છે. પછીથી તો, જોકે, જેલમાંથી હું સામગ્રી મોકલી શકું એવીયે સરળ ભૂગર્ભવ્યવસ્થા ગોઠવાઈ ગઈ એ એક સ્મૃતિરોમાંચ ! સેન્સર-પ્રક્રિયા ટપી શકતી કટોકટી વિષયક ટીકાત્મક સામગ્રી, 'બંધ પડી ઘડિયાળ : હવે માગે છે ચાવી' એવો રજની કોઠારીનો વિશેષ લેખ, કટોકટી દરમિયાનના અર્થતંત્ર પર સંવિવાદ, અલગ અલગ દેશકાળમાં પ્રતિકારની કહાણીઓ વાંચવા મળે છે.

૧૯૭૭ના જાન્યુઆરીમાં કટોકટી હળવી થયાની તેમજ ચૂંટણીની જાહેરાત સાથે સ્વાભાવિક જ પ્રતિહારનાં સર્વ બળોના રાજકીય એકત્રિકીકરણ અગર સમજૂતીને જોરે કટોકટીરાજના સત્તા-પ્રતિષ્ઠાનના વૈકલ્પિક પડકારનો મુદ્દો મહત્ત્વ બને છે. સક્રિય રાજકારણીઓ અને સ્વતંત્ર બૌદ્ધિકો, અપક્ષ કાર્યકરો વચ્ચે આ સંદર્ભમાં સાર્થક સંવાદની કોશિશ ચાલે છે. માર્ચ, ૧૯૭૭માં જનતા રાજ્યારોહણ પછી બેત્રણ ધાગે એકસાથે કામ લેવાય છે. જયપ્રકાશની ભૂમિકાને ધોરણે મોરારજી દેસાઈની સરકાર અને જનતાપક્ષ પરત્વે સહૃદયતાપૂર્વક સલાહસૂચનથી માંડી દો ટૂંક આલોચના તેમજ તે દૃષ્ટિએ લોકમતની ઉદ્યુક્તિ લાયક સામગ્રી બધું સાથેલગું ચાલે છે. જનતા પક્ષથી સ્વતંત્રપણે લોકસમિતિ અને છાત્ર યુવા સંઘર્ષવાહિનીની પ્રક્રિયામાં બૌદ્ધિક વિમર્શ તેમજ તે અંગેના પ્રવાહોની સટીક વિગતો પણ અપાતી જાય છે. ઑગસ્ટમાં શગઘટના જેવો ગુજરાતી સામયિકોમાં અદ્વિતીય એવો કટોકટી વિશેષાંક (બસોથી વધુ પાનાંમાં) ખાસી દસ્તાવેજી સામગ્રી સાથે પ્રકાશિત થાય છે, અને ઑક્ટોબર આવતે જયપ્રકાશના જીવનચિંતનને અનુલક્ષી અમૃત-મહોત્સવના ઉપલક્ષ્યમાં વિશેષ વાચન જોગવાઈ છે. સોલ્ઝેનિત્સિનનાં ગદ્યકાવ્યો, બુકોવ્સ્કી : મુક્તિ કે દેશવટો, બનફુલની લાંબી મુલાકાત, ટ્રસ્ટીશિપ વિષયક ચિંતન અને પ્રયોગોને લગતો ગુચ્છ, એ પરંપરા અલબત્ત ઓછીવત્તી પણ જારી છે.

જાન્યુઆરી, ૧૯૭૮ બેસતે વિશ્વમાનવટ્રસ્ટ, ૨૦ વરસ પૂરાં કરી ૨૧મા વરસમાં પ્રવેશતાં ૧૯૭૪-૧૯૭૭ના ગાળા વિશે નોંધ લે છે :

"છેલ્લાં અનેક વર્ષો દરમિયાન દેશ ભારે કસોટીમાંથી પસાર થઈ રહ્યો હતો; ત્યાં એકાએક 'કટોકટી'ના દોઝખમાં ફસડાઈ પડ્યો. મહાભાગ્ય કે તેમાંથી મુક્ત બની, કમ સે કમ, મૂળભૂત નાગરિક સ્વાતંત્ર્યોના ખુલ્લા આકાશ નીચે પાછો ફરી શક્યો છે.

"આ નવો ઉઘાડ આવતાં, 'વિશ્વમાનવ' તેનાં મૂળ વૈવિધ્ય સાથે – રાજકારણ, અર્થકારણ, શિક્ષણ, સંસ્કૃતિ, તત્ત્વચિંતન, ધર્મ, સમાજકારણ, સાહિત્ય, કલા, વિજ્ઞાન વગેરે વિષયો સાથે – આપની સમક્ષ ઉપસ્થિત થશે.

"હા, 'વિશ્વમાનવ'નો જન્મ જ 'માનવીય મૂલ્યોની પ્રતિષ્ઠા'ની આરતમાંથી થયો છે. અને 'કટોકટી' દરમિયાન તેણે યથાશક્તિ પોતાનો ફાળો આપ્યો છે – જોકે, એમાં જ એણે એના અસ્તિત્વની સાર્થકતા માની છે. હવે, આપણા દેશને પ્રાપ્ત થયેલી 'બીજી આઝાદી'ને રક્ષવાના અને તેનું ન્યાયી, માનવીય, સંસ્કારી સમાજમાં રૂપાંતર કરવાના પુરુષાર્થમાં 'વિશ્વમાનવ' પોતાથી બનતું કરી છૂટવા મથશે…"

સંપાદકીય જવાબદારી હવે સુભદ્રા ગાંધી, ગિરધર તલાટી અને ભોગીભાઈ ગાંધીની બને છે.

સાત મરાઠી કાવ્યોનો ગુચ્છ, ડૉ. સુમન્ત મહેતાની આત્મકથાના અંશો (જેલજીવન – ૧૯૩૨), કેન્દ્રીય બજેટની સમીક્ષા, યોજના અને સાધનો (ડી. ટી. લાકડાવાળા), રખડુ પેગમ્બર (શરદબાબુ વિશે 'આવારા મસીહા'ને આધારે), સબ નયે સિરે સે (બીજા વિશ્વયુદ્ધની ઊથલપાથલ વચ્ચે રૉબર્ટ આર્દ્રે લિખિત 'વર્લ્ડ્ઝ બિગિનિંગ'નાં કેટલાંક પ્રકરણ) ઉપરાંત ખાસ તો ૧૦૧ થી ૨૦૧ અંકોમાં પ્રકાશિત રાજકીય સામગ્રી વિશે પ્રા. જયંતી કે. પટેલના સર્વગ્રાહી લેખનો ઉલ્લેખ કરવો જોઈએ.

૧૯૭૯ના નવેમ્બરથી ભોગીભાઈ 'ભારત કયે માર્ગે ?' લેખમાળા શરૂ કરે છે. જનતાપક્ષમાં ભંગાણ, ચરણસિંહની સરકાર અને તેનું રાજીનામું, નવી ચૂંટણી પછીનું ચિત્ર – આ બધાંને આવરી લેતી આ લેખમાળા ખંડ ૧ (પ્રકરણ ૧થી ૧૨), ખંડ ૨ (પ્રકરણ ૧૩થી ૧૫), અને ખંડ ૩ (પ્રકરણ ૧થી ૯) ચાલે છે; અને પૂરક લેખો, ઉપરાંત આ ગાળામાં ભોગીભાઈ 'વિજ્ઞાન અને ગુહ્યજ્ઞાન' ચર્ચતી લેખશ્રેણીનો પ્રારંભ કરે છે, જેને અંગે વાચકવર્ગમાં સંમિશ્ર લાગણી જોવા મળે છે. ચાલુ રાજકીય પ્રકરણોની ચર્ચા કરતા દિનેશ શુક્લ, રાજેન્દ્ર દવે વગેરેના લેખ, જીવનયોગ (રોહિત મહેતા) જેવું વિશેષાંગ, શુભ મૂલ્યોની શોધમાં (શુમાકર), નવો અવતાર (ટૉલ્સ્ટૉય કૃત 'રીસરેક્શન') વિશે સુરેશ જોષી ધ્યાનાર્હ છે.

આ જ ઘાટીએ એક પછી એક વીતતાં વર્ષોમાં ડિસેમ્બર-૧૯૮૪, જાન્યુઆરી ૧૯૮૫ના સંયુક્ત અંકમાં ઇન્દિરાજીના શાસનના આરંભથી રાજીવની પ્રતિષ્ઠા સુધીનાં ૧૮ વરસની સમીક્ષા ભોગીભાઈએ હાથ ધરી છે. વૈકલ્પિક રાજનીતિની ચર્ચા પણ ચાલુ રહે છે. ('અપરંપાર આંદોલનો ખરાં – પણ આદરણીય પ્રતિકારો કેટલાં', જૂન ૧૯૮૫)

જાન્યુઆરી ૧૯૮૬થી ભોગીભાઈ તંત્રી અને ગુજરાત યુનિ. સમાજવિદ્યાભવનના રાજ્યશાસ્ત્રના અધ્યાપક દિનેશ શુક્લ સંપાદક, એ રીતે મજલ શરૂ થાય છે. પ્રસંગોપાત્ત લેખક તરીકે તો દિનેશ શુક્લ વર્ષોથી સંકળાયેલા હતા જ. પ્રકાશન-રવાનગી સાથે રમેશ ર. દવે સંકળાય છે. યોગેશ જોષી સાહિત્ય-વિશેષાંકોની જવાબદારી સાથે વિશેષપણે જોડાય છે. ૧૯૮૭માં 'મુસ્લિમ સમાજ : સમાજસુધારણાનો ચક્રવ્યૂહ' એ ભોગીભાઈની લેખમાળા ચાલે છે. દિનેશ શુક્લ આગવી રીતભાતે વ્યાપક અભિગમપૂર્વક સંપાદકીય લખતા તો ક્વચિત્ત એ અતિથિ કામગીરી પ્રકાશ ન. શાહ નિભાવતા, પ્રસંગોપાત્ત ભોગીભાઈ પણ દરમિયાન થતા. ગુજરાતના ને દેશનાં તેમ દુનિયાનાં સ્થિત્યંતરો પણ તે પછીનાં વર્ષોમાં ચર્ચાતાં રહ્યાં. એપ્રિલ ૧૯૮૯થી સંપાદનની જવાબદારી નિઃશેષ ભોગીભાઈની અને અનૌપચારિક સંડોવણી મારી એમ ગોઠવાયું. આ વર્ષોમાં પર્યાવરણીય પડકારો વિશે એમ. જી. પારેખની લેખમાળા ધ્યાનાર્હ બની રહી. ભોગીભાઈએ દિનકર મહેતા વિષયક અંજલિનોંધ સાથે

ગુજરાતના જૂનાનવા સામ્યવાદી સાથીઓને એમના પોતાના ઘડતરમંથનની વાતો લખતા કર્યા. જૂન ૧૯૯૧માં વિશ્વમાનવ સંસ્કારશિક્ષણ ટ્રસ્ટના આરંભથી અભિન્ન સાથી ભાઈદાસભાઈ પરીખ પર વિશેષાંજલિનું ગુચ્છ અપાયું હતું. ૧૯૯૧ના સપ્ટેમ્બર-ઑક્ટોબરના સંયુક્ત અંકોમાં એક નોંધપાત્ર સામગ્રી 'રશિયા : વિચાર અને વ્યવસ્થાના પરિવર્તનનો પડકાર' એ હતી. ( ત્રિદીપ સુહૃદ, જે. કે. પટેલ, એમ. ટી. દેસાઈ, યોગેન્દ્ર માંકડ, દિનેશ શુક્લ, પ્રવીણ ન. શેઠ, ભોગીભાઈ ગાંધી, ધર્મવીર ભારતી, સિદ્ધાર્થ ન. ભટ્ટ). આ જ વરસમાં નવેમ્બર-ડિસેમ્બરમાં છેલ્લાં વર્ષોની પરંપરા મુજબ યોગેશ જોષીના સંપાદનમાં સાહિત્ય-વિશેષાંક અપાય છે. મે-જૂન ૧૯૯૨નો વિશેષાંક પ્રકાશ ન. શાહના સંપાદનમાં ઇન્દુલાલ યાજ્ઞિક શતાબ્દીને અનુલક્ષીને હતો. સપ્ટેમ્બર-ઑક્ટોબર ૧૯૯૨માં ગુજરાતના ઉદ્દામ કાર્યકરોનો પરિચય અને કેફિયત અપાયાં.

જાન્યુઆરી, ૧૯૫૮થી મે ૧૯૯૩થી છત્રીસ વરસની અક્ષરમથામણની આ એક ઉતાવળી, કંઈક અદૂકડી ઝલક છે. છેલ્લાં બારેક વરસ તો એમ જ દોડાવી દીધાં છે. ઠીક-ઠીક ચુસ્ત બંધ અને ઠીક-ઠીક શિથિલ બંધની આ અંકમાળા દેશ અને દુનિયાનાં પછી તે ગાળાનાં મોટાં પરિવર્તનો અને પડકારો સાથે સમજ (અને કિંચિત દરમિયાનગીરી)ની રીતે કામ પાડવાના અદના પ્રયાસરૂપ આ દસ્તાવેજી જેવી સામગ્રી, ઠીક ઠીક પાકી, કંઈક કાચીપાકી, કંઈક કાલીઘેલી, એને કાલવી શકે એવા અભ્યાસીની રાહ જુએ છે, પણ છપાયેલા અંકો અવ્યવસ્થિત ને આઘાપાછા થઈ છેક લુપ્ત થઈ જાય એ પૂર્વે એને સાચવી લઈ સુલભ રાખવાનો આ નમ્ર પ્રયાસ છે, અને હવેનાં વરસો સારુ કશીક સંબલ ચેષ્ટા પણ .

બે હજાર કરતાં વધુ કર્તાઓનાં છ હજાર જેટલાં લખાણો (અગણિત પેટા વિષયો સહિત) મળીને સોળ હજાર કરતાં વધુ પાનાં આમ સચવાઈ ગયાં. તે માટે વિપુલ કલ્યાણીની સાર્થક પહેલ અને ગુજરાતી લેક્સિકોન(અશોક કરણિયા તેમજ મૈત્રી શાહ)ના સક્રિય સહયોગ તેમજ આયોજનમાં સહાયરૂપ થનાર નયના શાહ અને ખૂટતા અંકો સબબ ગુજરાતી સાહિત્ય પરિષદ અને ફાર્બસ ગુજરાતી સભાના સંગ્રહાલયના ઋણી છીએ.

ગાંધી શ્રાદ્ધપર્વ
૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૯

## નિમંત્રણ

**ગુજરાતી લેક્સિકોન - ઓપિનિયન મેગેઝિન - નિરીક્ષક ફાઉન્ડેશન દ્વારા આયોજિત**
**રતિલાલ ચંદરયા સ્મૃતિ-વ્યાખ્યાન અને 'વિશ્વમાનવ' ડી.વી.ડી. લોકાર્પણ**

**અધ્યક્ષ : વિપુલ કલ્યાણી**

ગુજરાતી-લેક્સિકોનના સ્થાપક
શ્રી રતિલાલ ચંદરયાની સ્મૃતિમાં ચોથું વ્યાખ્યાન :
ગુજરાતી : લોકભાષા, જ્ઞાનભાષા, ભવિષ્યભાષા
સુપ્રતિષ્ઠ વિચારક - લેખક - પત્રકાર - પ્રાધ્યાપક
ડૉ. ઉર્વીશ કોઠારી

વિચારપત્ર 'નિરીક્ષક'નાં
પચાસ વરસની ઉજવણીના પહેલા મણકા રૂપે
ભોગીલાલ ગાંધી સ્થાપિત
"વિશ્વમાનવ" સામયિક(૧૯૫૮-૧૯૯૩)ના
ડિજિટલ સંસ્કરણનું લોકાર્પણ

**: વિશેષ ઉપસ્થિતિ :**

ગુલામ મોહમ્મદ શેખ
રઘુવીર ચૌધરી
પ્રકાશ ન. શાહ
સુમન શાહ
દિનેશ શુક્લ
યોગેશ જોષી

**શનિવાર, ૨૩ ફેબ્રુઆરી, ૨૦૧૯ ● સવારે ૧૦ : ૦૦થી ૧૩ : ૦૦**

**ગોવર્ધન સ્મૃતિમંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધનભવન ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમમાર્ગ, અમદાવાદ-૦૯**

**પ્રકાશ ન. શાહ, અશોક કરણિયા, વિપુલ કલ્યાણી**

★

◦ અલ્પાહાર સાથે લઈશું. ◦

# શું ગાંધીજી રંગદ્વેષી હતા? / પ્રવીણ ગઢવી

**આજકાલ** ગાંધીજી રંગદ્વેષી હતા, તેવી હવા કેટલાક આફ્રિકન દેશોમાં અને કેટલાક દલિત બૌદ્ધિકોમાં ચાલી છે. ઘાના જેવા દેશમાંથી ગાંધીજીની પ્રતિમા હટાવ્યાના પણ સમાચાર છે.

ગાંધીજી જેવો માનવતાવાદી અને અસ્પૃશ્યતાનો હાડોહાડ વિરોધી મહાત્મા રંગદ્વેષી હોઈ શકે? માનવા મન તૈયાર થતું નથી.

ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો'થી તપાસવાની શરૂઆત કરીએ. આત્મકથામાં ભાગ-૨માં પ્રકરણ-૧૩ કુલીપણાના અનુભવ પર છે. દક્ષિણ આફ્રિકામાં શ્યામવર્ણના લોકો માટેના જે કાયદા હતા, તે જ એશિયનોને લાગુ પડતા હતા. તે મુજબ કાળા અને એશિયનો ફૂટપાથ પર ચાલી ન શકે, રાતના નવ પછી બહાર ન નીકળી શકે. ગાંધીજીને ત્યારે રાતે ચાલવા જવાની ટેવ હતી. એટલે એમણે મિત્ર વકીલ કોટ્સ પાસેથી પરવાનો મેળવવા પ્રયાસ કર્યો, પરંતુ તે ન મળી શક્યો, એટલે કોટ્સે ભલામણપત્ર લખી આપ્યો. ગાંધીજી તે કાયમ પોતાની સાથે રાખતા, જેથી પોલીસ પરેશાન ન કરે.

તેમ છતાં એક દિવસ ગાંધીજી દક્ષિણ આફ્રિકાના પ્રમુખ ક્રુગરના ઘર પાસેથી નીકળ્યા. પ્રમુખશ્રીનું ઘર તદ્દન સાદું, કંપાઉન્ડવૉલ વગરનું હતું! લક્ષાધિપતિઓનાં ઘર મહેલ જેવાં હતાં. પ્રમુખ અત્યંત સાદગીથી રહેવામાં માનતા હતા. આવા પ્રમુખ ગાંધીજી થકી આઝાદી મેળવેલ આપણા દેશમાં ક્યારે મળશે? રામ જાણે!

ખેર, એક દિવસ તેમને એક સિપાહીએ લાત મારીને ફૂટપાથ પરથી ફેંકી દીધા! ગાંધીજી તો કપડાં ખંખેરી ચાલતા થયા! કોટ્સે કેસ કરવાનું કહ્યું, પરંતુ ન માન્યા. 'સિપાહી બિચારો શું જાણે ?' તેને મન તો કાળા એટલા કાળા જ. તે હબસીઓને પગથી પરથી આમ જ ઉતારતો હશે. એટલે તેણે મને પણ ધક્કો માર્યો.

આમ, ગાંધીજીનું હબસી પ્રત્યે અનુસંધાન તો સંધાયું જ પરંતુ આ પ્રસંગે 'હિંદી નિવાસીઓ પ્રત્યેની મારી લાગણી વધારે તીવ્ર કરી.'

હવે 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ' તપાસીએ. ૧૯૨૫માં તે પ્રગટ થયેલો. દક્ષિણ આફ્રિકાના પરિચય માટે ગાંધીજીએ પહેલું પ્રકરણ ભૂગોળ વિશે અને બીજું ઇતિહાસ વિશે આપ્યું છે. આ પ્રકરણની ભાષા જોતાં અવશ્ય લાગે કે જો ગાંધીજી રાજપ્રકરણી ન થયા હોત, તો અવશ્ય મહાન સાહિત્યસર્જક થયા હોત!

ગાંધીજી લખે છે : 'હબસીઓમાં ઝૂલુ વધારેમાં વધારે કદાવર અને રૂપાળા ગણી શકાય.' 'રૂપાળા' વિશેષણ હબસીઓને વિશે મેં ઇરાદાપૂર્વક વાપરેલું છે. સફેદ ચામડી અને અણિયાળા નાકમાં આપણે રૂપનું આરોપણ કરીએ છીએ. આ વહેમ જો ઘડીભર બાજુએ મૂકીએ તો ઝૂલુને ઘડીને બ્રહ્માએ કંઈ કચાશ રાખી હોય, એમ આપણને નહીં લાગે.'

હવે કહો, આને દલિત સૌંદર્યશાસ્ત્રની સ્પષ્ટ વિભાવના ન કહેવાય? હવે આગળ : હોઠ અવશ્ય મોટા અને જાડા હોય છે, પણ આખા શરીરના આકારના પ્રમાણમાં હોઈ જરાય બેડોળ છે, એમ હું તો નહીં કહું, આંખ ગોળ અને તેજસ્વી હોય છે. નાક ચપટું અને મોટા મોઢાને શોભે એવું જ મોટું હોય છે. અને તેના માથાના ગૂંચળિયા વાળ તેની સીસમ જેવી કાળી અને ચળકતી ચામડીની ઉપર શોભી નીકળે છે.'

હબસીઓનું આવું મનોહર વર્ણન કરનારો રંગદ્વેષી કેવી રીતે હોઈ શકે?

વળી, ગાંધીજી કાળી ચામડીની વાસ્તવિકતા પણ બરાબર સમજે છે. 'ભૂમધ્યરેખાની નજદીક રહેનારી વસ્તીની ચામડી કાળી જ હોવી જોઈએ. એ કુદરતી નિયમ છે.' વિશેષમાં ગાંધીજી ઉમેરે છે : 'કુદરત જે-જે ઘાટો ઘડે છે, તેમાં સૌંદર્ય જ હોય છે, એવું આપણે માનીએ તો સૌંદર્ય વિશેના આપણા સાંકડા અને એકદેશીય વિચારોમાંથી બચી જઈએ.'

વાહ! કોઈ સૌંદર્યશાસ્ત્રી પણ ન વિચારી શકે, એવું ગાંધીજીએ વિચાર્યું છે. દલિત સૌંદર્યશાસ્ત્રની વિભાવના આને કહેવાય. 'એટલું જ નહીં, પણ હિન્દુસ્તાનમાં કેટલાક અંશે આપણને આપણી પોતાની જ ચામડી જો કાળાશપડતી હોય, તો જે અણછાજતાં શરમ અને અણગમો ઊપજે છે. તેમાંથી પણ આપણે મુક્ત થઈએ.'

હજી પણ આપણને ગોરો જમાઈ, ગોરી વહુ, ગોરી દીકરી જોઈએ છે. દીકરી જો કાળી જન્મી, તો તે સાપનો ભારો નહીં, કાળોતરા સાપનો ભારો બની રહે છે. નવાઈ એ વાતની છે કે આપણે આટલા ગૌરવર્ણ ચાહક, પરંતુ આપણા સઘળા દેવ—રામ, કૃષ્ણ, શિવ શ્યામવર્ણી છે! એમાંય કૃષ્ણ તો ઘનશ્યામ!

અળખામણી વર્ણાશ્રમવ્યવસ્થા પણ 'વર્ણ, અર્થાત્ રંગ પરથી આવી છે. આર્યો ગોરા હતા અને દાસ-દસ્યૂ-અસૂર શ્યામ હતા. કાળાંતરે એ કર્માશ્રમ વ્યવસ્થા બની ગઈ. પછી શુદ્રગૌર હોય તો ય શુદ્ર જ ગણાય!

ગાંધીજીએ હબસીઓની સંસ્કૃતિનું બહુ ઝીણવટથી નિરીક્ષણ કરેલું છે. જુઓ : 'બ્રિટિશસત્તા દાખલ થઈ તેની પહેલાં સ્ત્રીપુરુષો લગભગ નગ્નાવસ્થામાં જ ફરતાં. હાલ પણ દેહાતોમાં ઘણા એ પ્રમાણે જ વર્તે છે. ગુહ્ય ભાગોને એક ચામડાથી ઢાંકે છે.' ગાંધીજી આ નગ્નાવસ્થાને કુદરતી ગણી સરસ બચાવ કરે છે. 'આનો અર્થ કોઈ વાંચનાર એવો ન કરે કે તેથી એ લોકો પોતાની ઇન્દ્રિયોને વશ નથી રાખી શકતા. આ હબસીઓ એકબીજાની તરફ જોયા કરવાને નવરા હોતા જ નથી.' ગાંધીજી નગ્નાવસ્થામાં રહેતા શુકદેવજીને પણ યાદ કરે છે. શુકદેવજીમાં વિકાર નહોતો.

એટલે ગાંધીજીને હબસી સ્ત્રી-પુરુષોની નગ્નાવસ્થા સામે પણ વાંધો નથી.

ગાંધીજી હબસીઓના ખોરાક વિશે પણ સારું જાણે છે. પોતે નિરામિષ હોવા છતાં હબસીઓના માંસાહાર વિશે નિઃસંકોચ લખી શકે છે. 'જ્યારે-જ્યારે માંસ મળી શકે, ત્યારે કાચું અથવા પાકું, બાફેલું અથવા ભૂંજેલું માત્ર મીઠાની સાથે ખાઈ જાય છે. ગમે તે પ્રાણીનું માંસ ખાતાં તેને આંચકો નહીં આવે.'

હવે ગાંધીજી ઝૂલુઓની ભાષા વિષે વાત કરે છે. 'ઝૂલુભાષા અત્યંત મધુર છે. શબ્દોમાં અર્થ અને કાવ્ય બંને રહેલાં છે, એમ મેં વાંચ્યું છે.'

આપણે પછાતવર્ગ, દલિતો, આદિવાસીઓની ભાષા વિશે ઊંચો અભિપ્રાય ધરાવતા નથી. મહેસાણી કે કાઠિયાવાડી બોલીની મશ્કરી કરીએ છીએ. કલાપી જેવા મહાન કવિ પણ શોભનાની ભાષામાં કચ્છી ભાષાની 'કાંકરી' ન રહી, એમ સહજતાથી લખે છે ! જ્યારે ગાંધીજીને ઝૂલુઓની ભાષામાં નાદમાધુર્ય દેખાય છે. આવા ગાંધીજી રંગદ્વેષી કેવી રીતે હોઈ શકે?

ગાંધીજી હબસીઓ પર ગુલામીએ કેવી ભયંકર અસર કરી છે, તેની વાત કરતાં કહે છે, 'શરીરની મજબૂતીમાં જગતમાં કોઈ પણ કોમથી ન ઊતરે એવી આ કોમ ખરે એટલી મોળી છે કે ગોરા બાળકને જુએ તોપણ ડરે છે!' હબસીઓ તીરકામઠાં સારી રીતે જાણતા હતા, તે છીનવી લેવામાં આવ્યાં અને 'જેને નથી દીવાસળી લગાવવી પડતી, નથી હાથની આંગળી સિવાય કોઈ ગતિ કરવી પડતી, છતાં નાનીસરખી ભૂંગળીમાંથી એકાએક અવાજ નીકળે, ભડકો જોવાય અને ગોળી વાગતાં ક્ષણ માત્રમાં માણસના પ્રાણ જાય તેવી બંદૂકથી હબસીઓ ડરી ગયા છે. ભારત, ચીન, સહિત એશિયા-આફ્રિકાનાં સઘળી પ્રજા યુરોપિયનોની બંદૂક, તોપોથી જ ડરીને ગુલામ બનેલીને?'

> ગાંધીજી લખે છે : 'હબસીઓમાં ઝૂલુ વધારેમાં વધારે કદાવર અને રૂપાળા ગણી શકાય.' 'રૂપાળા' વિશેષણ હબસીઓને વિશે મેં ઇરાદાપૂર્વક વાપરેલું છે. સફેદ ચામડી અને અણિયાળા નાકમાં આપણે રૂપનું આરોપણ કરીએ છીએ. આ વહેમ જો ઘડીભર બાજુએ મૂકીએ તો ઝૂલુને ઘડીને બ્રહ્માએ કંઇ કચાશ રાખી હોય, એમ આપણને નહીં લાગે'

કાફરાઓ અને હિન્દીઓને એકસમાન ગણી જેલમાં સાથે રાખ્યા. કાફરાઓ સાથે રહેવાનો એ પહેલો અનુભવ હતો. 'કાફરાઓ સાથે રાખે એ સહન ન થઈ શકે,' એવું એમને જણાયું. પરંતુ ગાંધીજી ત્યારે પણ સહનશીલતાની મૂર્તિ બની ચૂક્યા હતા, તેથી તેમને કાફરા સાથે રહેવાનું 'સંતોષ પામવા જેવુ થયું.' 'હલકાઈ' ગણવી ઠીક ન લાગી.

તે વેળાના કાફરા એમને 'જંગલી' જેવા લાગ્યા, તે સહજ છે. વળી, તે ગુનેગાર કેદી હતા. 'તોફાની', 'ગંદા' અને 'જાનવરની સ્થિતિ'માં રહેનારા હતા. સત્યાગ્રહી હિન્દીઓ મોટે ભાગે વેપારી હતા, તેથી 'ગરીબડા હિન્દી'ઓના હાલ સમજવાનું એમણે વાચક ઉપર છોડ્યું.

હાલ કદાચ અપ્રાપ્ય એવી ગાંધીજીની 'મારો જેલનો અનુભવ' પુસ્તિકા ગાંડીવ સાહિત્યમંદિર, સુરતે ઈ.સ. ૧૯૨૨માં પ્રગટ કરેલી, તેની એક નકલ મારા પિતાજીના પુસ્તકાલયમાં હતી, તે ગાંધીજીનો 'કાફરા' પ્રતિનો દૃષ્ટિકોણ સમજવા-જોવા જેવી છે.

ગાંધીજી અહીં હબસીઓ માટે 'કાફરા' શબ્દનો પ્રયોગ કરે છે. તેઓ જેલનો અનુભવ વર્ણવતાં લખે છે કે, ત્યાં અમારાં કપડાં ઉપર 'એન' એવી છાપ મારી. એટલે કે અમે બરાબર નેટિવની પંક્તિમાં મુકાયા. ઘણી સગવડો ઉઠાવવા અમે સૌ તૈયાર હતા. પણ અમારી આ વલે થશે એમ માન્યું નહોતું. ગોરાઓની સાથે આપણને ન મૂકે એ સમજી શકાય એવું છે. પણ આપણને છેક કાફરાઓની સાથે રાખે એ સહન ન થઈ શકે એવું જણાયું. આવી દશા જોઈ વિચાર કર્યો કે સત્યાગ્રહની લડત જરાયે વધારે પડતી કે વખત વિચાર્યા વિનાની નથી. હિન્દીએ તદ્દન નમાલા કરી મૂકવાનો ખૂની કાયદો હતો, એમ વધારે સાબિત થયું.

"તોપણ, અમને કાફરાઓની સાથે રાખ્યા, એ ઘણે ભાગે સંતોષ પામવા જેવું થયું. તેઓની હાલત તેઓની તરફથી વર્તણૂક અને તેઓના ખવાસ જાણવાની આ ભલી તક મળી. બીજી રીતે જોતાં તેઓની સાથે મૂકવામાં હલકાઈ ગણવી એ મનને ઠીક ન લાગ્યું. છતાં સાધારણ રીતે હિન્દીને અલગ રાખવા જોઈએ, એમાં પણ શક નથી. અમારી કોટડીની પડખે જ કાફરાઓની કોટડીઓ હતી, તેમાં અને બહારના મેદાનમાં તેઓ કકળાટ કરી મૂકતા હતા. અને વગરમજૂરીના કેદી હતા, તેથી અમારી કોટડી નોખી હતી. નહિ તો અમને તે જ કોટડીમાં પૂરી શકત. મજૂરીવાળા હિન્દીઓને કાફરોની સાથે જ પૂરવામાં આવે છે.

"આ વાત હલકાઈભરેલી છે કે નહીં તે વિચાર અલગ રાખતાં એ બહુ જોખમભરેલી છે, એટલું કહેવું તે બસ છે, કાફરો ઘણે ભાગે જંગલી હોય છે. તેમાં વળી કેદમાં આવેલા કાફરોનું તો પૂછવું જ શું? તેઓ તોફાની બહુ ગંદા અને લગભગ જાનવરની સ્થિતિમાં રહેનારા છે. એકેક કોટડીમાં ૫૦થી ૬૦ માણસ સુધી પૂરવામાં આવે છે. કોઈ વેળા તેઓ કોટડીની અંદર રમખાણ મચાવે છે ને માંહોમાંહે લડે છે. આવી સોબતમાં ગરીબડા હિન્દીના કેવા હાલ થાય, તે વાંચનાર સહેજે જાણી શકે છે.

"આખી જેલમાં અમારા સિવાય ભાગ્યેજ ત્રણ ચાર હિન્દી કેદી હતા. તેઓને કાફરોની સાથે પુરાવું પડતું હતું, એટલું અમારા કરતાં વધારે હતું. તોપણ મેં જોયું કે તેઓ ખુશ-દિલથી રહેતા હતા. અને બહાર હતા તે વખતના કરતાં તેઓની તબિયત વધારે સારી હતી."

હવે બીજી વાર જોહાબિસબર્ગ જેલમાં ગાંધીજીને જવાનું થાય છે. તેનો અનુભવ વર્ણવતાં તેઓ લખે છે, "જોહાબિસબર્ગ પહોંચ્યા તે વખતે સાંજ પડી હતી તેથી મને બીજા હિંદીની પાસે નહોતા લઈ ગયા. મુખ્યત્વે કેદખાનામાં જયાં કાફરા કેદીઓ દરદી હતા, તેઓની કોટડીમાં મને બિછાનું આપ્યું. કોટડીમાં મારી રાત ઘણા દુઃખમાં તથા ભયમાં ગઈ. મને બીજે જ દહાડે આપણા લોકો પાસે લઈ જશે, એમ ખબર નહોતી અને આવી જગ્યાએ રાખશે, એમ માની હું ભય પામ્યો ને બહુ અકળાયો. છતાં મન સાથે નિશ્ચય કર્યો કે મારું કર્તવ્ય તો એ જ હતું કે મારે જે દુઃખ હોય તે સહન કરવું."

"અકળાવાનો સબબ એ હતો કે કાફરો તથા ચીના કેદી જંગલી, ખૂની તથા અનીતિવાળા લાગ્યા. તેઓની ભાષા હું જાણતો નહોતો. કાફરોએ મને સવાલો પૂછવા શરૂ કર્યા. તેમાં પણ મેં મશ્કરી જેવું જોયું. હું તે સમજી શક્યો નહીં. મેં કંઈ જવાબ ન વાળ્યો. તેણે મને ભાંગલા અંગ્રેજીમાં પૂછ્યું, 'આમ મને શા સારુ લાવ્યા છે?' મેં થોડો ઉત્તર દીધો ને મૂંગો રહ્યો. પછી ચીનાએ શરૂ કર્યું. તે વધારે ખરાબ જણાયો. મારી પથારી આગળ આવી તે મને જોવા લાગ્યો. હું ચૂપ રહ્યો, પછી તે કાફરાની પથારી આગળ ગયો. ત્યાં બંને જણ એકબીજાંની ભૂંડી મશ્કરી કરવા લાગ્યા ને એબ ઉઘાડવા લાગ્યા. આ બંને કેદીઓ ખૂનના કે મહાચોરીના આરોપવાળા હતા. આવું જોઈ મને ઊંઘ તો શાની જ આવે? બીજે દહાડે ગવર્નરને આ બધું સંભળાવીશ, એમ વિચાર કરી મોડી રાત્રે હું થોડું ઊંઘ્યો.

જોહાનિસબર્ગનો અનુભવ વધારે ખરાબ હતો. ગાંધીજી ગવર્નરને રજૂઆત કરવા ઇચ્છતા હતા, ત્યારે એમણે જોયું કે કેટલાક સત્યાગ્રહી હિન્દીઓ કાફરા સાથે રહેવામાં ખુશ હતા. કેમ? તો કાફરાઓ પાસેથી તમાકુ મળી રહે! માનવસ્વભાવ સર્વત્ર સરખો છે. ગાંધીજીએ કેવા લોકો સાથે કામ પાડ્યું હતું, તે વિચારવા જેવું છે.

ગાંધીજી આગળ લખે છે, "આ કેદીઓને કાફરોની સાથે રાખવામાં આવતા હતા. હું ગયો ત્યારે વડા દરોગાએ હુકમ કર્યો કે અમને બધાને નોખી કોટડી મળે. મેં દિલગીરીની સાથે જોયું કે કેટલાક હિંદીઓ કાફરાની સાથે સૂવામાં રાજી રહે છે. તે આવા કારણથી કે ત્યાં ચોરીથી તમાકુ વગેરે મળી શકે છે. આ આપણે શરમ ઉપજાવનારું છે. આપણને કાફરા કે કોઈની ઉપર તિરસ્કાર ન હોય, પણ તેઓની વચ્ચે તથા આપણી વચ્ચે સાધારણ વ્યવહારમાં એકતા નથી એ ન ભુલાય તેવું છે."

ગાંધીજીને જોહાનિસબર્ગની જેલમાં જાજરૂ જવાની પણ કેવી તકલીફ પડી હતી, તે જોવા જેવી છે. જેલમાં બે વિભાગ હતા : એક વિભાગ ગુનેગાર કેદીઓ માટે અને બીજો વિભાગ દીવાની જેલના કેદીઓ માટે. ગાંધીજીનું સૂવાનું બીજા વિભાગમાં હતું, પરંતુ તે વિભાગનું જાજરૂ તેઓ વાપરી ન શકે પહેલા વિભાગના જાજરૂમાં કેદીઓ વધુ હોવાથી ‘મહાપંચાત’ પડે, તેથી દરોગાની સંમતિ લઈ બીજા વિભાગના જાજરૂમાં ગયા.

“આ જાજરૂમાં ભીડ તો હોય છે. વળી, જાજરૂ ખુલ્લાં હોય છે. તેને દરવાજા નથી હોતા. હું જેવો બેઠો કે તેવો જ એક જબરો મજબૂત વિકરાળ કાફરો આવ્યો. તેણે મને ઊઠી જવા કહ્યું ને ગાળો દેવા લાગ્યો. મેં કહ્યું, હમણાં જ ઊઠું છું. તેટલામાં તો મને બાથ ભીડીને ઊંચક્યો ને બહાર ફેંક્યો. સારે નબીસે મેં બારસાખ પકડી લીધી, એટલે હું ન પડ્યો. આમાં કંઈ હું ગભરાયો નહોતો. હસીને હું તો ચાલતો થયો. પણ એક-બે હિંદી જેણે આ બનાવ જોયો તેઓ રડી પડ્યા.”

મહાત્મા એમ કંઈ સહેલાઈથી, પ્રચારનાં ઢોલ-નગારાં વગાડવાથી કે ચોતરફ ફોટા ચોંટાડવાથી નથી થવાનું! ગાંધીજી કરતાં આઠ વર્ષ મોટા અંગ્રેજી પાદરી રેવરન્ડ જોસફ ડોકે ૧૯૦૮માં ‘ગાંધીજીનું પહેલું ચરિત્ર’ લખ્યું હતું. તેમાં તેમણે નોંધ્યું છે કે ઝૂલુ બળવો થયેલો, ત્યારે અંગ્રેજોએ ચાબખા મારી લોહીલુહાણ કરેલા ઝૂલુઓની સારવાર કરવા કોઈ યુરોપિયન તૈયાર નહોતો, ત્યારે ગાંધીજીએ તેમની સારવાર કરેલી!

આવા સંજોગોમાં કોઈ પણ વ્યક્તિ કાફરા પ્રત્યે દ્વેષ કરતો થઈ જાય, તે સહજ છે. આપણે પણ વાતવાતમાં અમુક નાતવાળા કંજૂસ, અમુક નાત, ધર્મવાળા ગુંડા, અમુક નાતવાળા ચોર, અમુક નાતવાળા ગંદા, અમુક નાતવાળા લુચ્ચા, એવા અભિપ્રાયો વ્યક્ત કરતા હોઈએ છીએ. પણ ગાંધીજીમાં ને કાફરાઓ પ્રત્યે દ્વેષ ન થયો, એમણે ગવર્નરને હિન્દીઓને જુદા રાખવાની રજૂઆત કરી. આ બાબતની મેં ગવર્નરને વાત કરીને જણાવ્યું કે હિંદી કેદીઓને સારુ નોખા જાજરૂની ખાસ જરૂર છે. ને એમ પણ જણાવ્યું કે, કાફરા કેદીઓની સાથે હિંદી કેદીઓને મુદ્દલ ન રાખવા જોઈએ. ગવર્નરે તુરત હુકમ કર્યો કે મોટી જેલમાંથી જાજરૂઓ હિંદી કેદીને સારુ કાઢી આપે.

બસ, ગાંધીજીનો આ ‘મહાઅપરાધ’ થયો. હિન્દીઓને કાફરાથી અલગ રાખવા કહ્યું, એટલે કેટલાક દલિત બૌદ્ધિકોએ પ્રચાર શરૂ કર્યો કે ગાંધીજી રંગદ્વેષી હતા અને કાફરાઓને ‘જંગલી’ કહ્યા હતા!

ખેર, ગાંધીજી હિન્દીઓમાં રહેલા વર્ણભેદનો પણ દુઃખ સાથે ઉલ્લેખ કરવાનું ચૂકતા નથી. “એમ જોવામાં આવ્યું કે બહારની ઈજાઓ કરતાં અંદરની ઈજાઓ વધારે ભારે પડતી હતી. હિંદુ અને મુસલમાન તથા ઊંચ અને નીચ જાત એવો આભાસ કોઈકોઈ વેળા જેલમાં જોવામાં આવતો હતો. જેલમાં બધા વર્ગના ને બધા વર્ણના હિંદી સાથે રહેતા હતા. તેમાં જોઈ શકાયું કે આપણે સ્વરાજ્ય ન ચલાવીએ એવું કંઈ નથી, કેમકે છેવટે જે ચડચણો આવી તે દૂર થઈ હતી. કેટલાક હિંદુ એમ કહેતા હતા કે અમે મુસલમાનોનું રાંધેલું નહીં ખાઈએ, અમુક માણસના હાથનું રાંધેલું નહીં ખાઈએ એમ કહેનાર માણસે હિંદુસ્તાનની બહાર પગ જ ન મૂકવો જોઈએ. મેં એમ પણ જોયું કે કાફરાઓ કે ગોરાઓ આપણા અનાજને અડકે તેમાં ચડચણ નહોતી. એક વખત એવું બન્યું કે પેલો તો (અછૂત) છે, તેની પાસે હું નથી સૂવાનો, એવો સવાલ નીકળ્યો. આ પણ આપણને શરમાવા જેવું થયું. ઊંડા ઊતરતાં એમ માલૂમ પડ્યું કે આવી ચડચણ લેવાનું કારણ તે માણસને પોતાને બાધ હતો એમ નહીં, પણ દેશમાં ખબર પડે તો તેનાં સગાં હરકત કરે. હું તો માનું છું કે આમ નીચઊંચના ડોળથી ને પછી નાતના જુલમના ડરથી આપણે અસત્ય આદરી બેઠા છીએ. જો આપણે જાણીએ કે (અછૂત)નો તિરસ્કાર કરવો એ અઠીક છે, તો પછી નાતથી કે બીજાથી ખોટી રીતે ડરી, ખરું છોડી આપણે સત્યાગ્રહી કેમ કહેવાઈએ? આપણે બધા હિંદી છીએ, તો પછી ખોટા ભેદ રાખી વઢીમરીશું ને હક માગશું તો કેમ થશે!”

“આપણે દેશમાં હોઈએ કે પરદેશમાં—વર્ણભેદ-ધર્મભેદ ભૂલતા નથી. આજે પણ અમેરિકા-ઈંગ્લૅન્ડમાં વરસોથી રહેવા છતાં નાતજાત તો ઠીક, ગોળ-પરગણાં પણ ભુલાયાં નથી!

“દક્ષિણ આફ્રિકાના હિન્દીઓને ગોરા કે કાફરા રાંધેલા ધાનને અડી જાય તો વાંધો નહીં. પરંતુ દેશભાઈ એવા અછૂતો કે મુસલમાનો અડે તો અભડાઈ જાય! આજે પણ એમાં કંઈ ફેર પડ્યો છે?”

“ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાની જેલોમાં અસહ્ય દુઃખો વેઠેલાં. બંધ કોટડીમાં ઊભાં-ઊભાં ખાવું પડતું. કપડાં ઉતારી નાગા થઈ ખુલ્લામાં નહાવું પડતું. જાજરૂ પણ નિરાંતે ન જવાતું, દરોગો બે મિનિટ થાય કે ત્રાડ પાડે. ‘સામ, હવે નીકળ!”

મહાત્મા એમ કંઈ સહેલાઈથી, પ્રચારનાં ઢોલ-નગારાં વગાડવાથી કે ચોતરફ ફોટા ચોંટાડવાથી નથી થવાનું!

ગાંધીજી કરતાં આઠ વર્ષ મોટા અંગ્રેજી પાદરી રેવરન્ડ જૉસફ ડોકે ૧૯૦૮માં ‘ગાંધીજીનું પહેલું ચરિત્ર’ લખ્યું હતું. તેમાં તેમણે નોંધ્યું છે કે ઝૂલુ બળવો થયેલો, ત્યારે અંગ્રેજોએ ચાબખા મારી લોહીલુહાણ કરેલા ઝૂલુઓની સારવાર કરવા કોઈ યુરોપિયન તૈયાર નહોતો, ત્યારે ગાંધીજીએ તેમની સારવાર કરેલી!

દક્ષિણ આફ્રિકાના સત્તાધીશો ગાંધીજીના સત્યાગ્રહથી ડરતા નહોતા, કેમકે તે ફક્ત દસ હજાર હિંદીઓનો જ હતો, પરંતુ તેમને ભય હતો કે આ સત્યાગ્રહનું હથિયાર ‘કાફરાઓ’ના હાથમાં આવશે, તો શું થશે? અને એ કાફરાઓના નેતા નેલ્સન મંડેલાએ ગાંધીનું હથિયાર જ ખપમાં લઈ આઝાદી મેળવી. નેલ્સન મંડેલાએ ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપતાં કહ્યું કે ભારતવાસીઓએ તો ગાંધીને વકીલ તરીકે દક્ષિણ આફ્રિકામાં મોકલ્યા હતા અને અમે ‘મહાત્મા’ બનાવી પાછા મોકલ્યા! કોઈ રંગદ્વેષીને કોઈ કાફરો આવી શ્રદ્ધાંજલિ અર્પે ખરો?

ગાંધીજીએ ૧૯૨૫ ‘નવજીવન’માં લખ્યું હતું કે ‘સૃષ્ટિનાં પ્રાણીમાત્રની તાત્ત્વિક એકતા અને અભેદના જ્ઞાનમાં ઊંચનીચના ભાવને અવકાશ જ નથી. જીવન એ કર્મક્ષેત્ર છે, અધિકાર અને સત્તાનો સંચય નથી. જે ધર્મ ઊંચનીચના ભેદની પ્રથા ઉપર આધાર રાખે છે, તેનો સર્વથા વિનાશ જ છે.’

અત્રે રજૂ કરેલા પુરાવાથી સાબિત થાય છે કે ગાંધીજી રજમાત્ર અંશમાત્ર પણ રંગદ્વેષી નહોતા, પરંતુ હાડોહાડ મહાન માનવતાવાદી હતા. ઇતિ સિદ્ધમ્!

ગાંધીનગર

**સામાજિક નિસબત,વૈચારિક વિમર્શ...** ● અનુ. પૃ. ૨થી...

તેમણે એચ.કે.ના કલાકારો પાસે ગયાં વર્ષે જે 'ઉર્ફે આલો' નાટક કરાવ્યું તે ગટરમાં ગૂંગળાઈને મોતને ભેટતા સફાઈ કામદાર વિશે હતું, અને સ્કિટ કરાવી તે મહિલાઓના માસિકધર્મને સમજપૂર્વક સ્વીકારી લેવાના સંદેશ સાથેની હતી. થોડા દિવસ પહેલાં ઇનામ મેળવી ચૂકેલું તેમનું 'નાચ' એકાંકી પૂતળાંના રાજકારણથી થતાં આદિવાસીઓના વિસ્થાપન વિશે, સ્કિટ એલજીબીટી અને શેરી નાટક લિન્ચિન્ગ વિષેનું હતું. મૌલિકના જ કલાકાર સાથી અને એચ.કે.ના જ વિદ્યાર્થી એવા બાવળાના નિલેશે બે વર્ષ પહેલાં, આગ લાગેલી એસ.ટી.બસમાંથી મુસાફરોને બચાવ્યા હતા અને પોતે ખૂબ દાઝ્યા હતા.એચ.કે.ના બધાં નાટકોની પ્રક્રિયામાં સ્વાભાવિક રીતે જ વિદ્યાર્થી કલાકારોની સામાજિક ચેતના સંકોરાતી રહી છે.

એચ.કે. ના વિદ્યાર્થીઓની સામાજિક ચેતનાનું એક સ્વરૂપ કુદરતી આપત્તિઓ વખતે પણ જોવા મળ્યું હતું. ઑક્ટોબર ૧૯૯૯માં વાવાઝોડાનો ભોગ બનેલાં દૂરનાં રાજ્ય ઓડિશાના નાગરિકો માટે અમદાવાદમાં રેલી કાઢીને કપડાં ભેગાં કરીને પહોંચાડવાનું કામ એચ.કે. સિવાય ભાગ્યે જ કોઈ કૉલેજે કર્યું હતું. તેના પછીનાં જ વર્ષે ગુજરાતમાં દુષ્કાળમાં રાહત કામ પરનાં લોકોને અનાજ પહોંચાડવાનાં કામમાં કૉલેજ જોડાઈ હતી. દુષ્કાળગ્રસ્ત વિસ્તારના વિદ્યાર્થીઓની ફી માફી માટે જે ચળવળ ચાલી તેમાંય એચ.કે.ના વિદ્યાર્થીઓ હતા. ભૂકંપમાં કૉલેજના એન.સી.સી. અને એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓએ કામ કર્યું જ હોય. વળી ગયાં બે વર્ષમાં અતિવૃષ્ટિથી તારાજી પામેલાં બનાસકાંઠા અને ગીરગઢડા જિલ્લાના ગામોમાં એન.એસ.એસ. થકી રાહતસામગ્રી પહોંચાડીને એચ.કે. એ સમાજ તરફની ફરજ ફરી એક વાર બજાવી હતી.

સમાજથી ક્યારેય દૂર ન રહેનાર એચ.કે.ને રાજકારણનોય છોછ નથી. દેશના ઇતિહાસમાં સીમાચિહ્ન ગણાતાં 'નવનિર્માણ' નામનાં વિદ્યાર્થી આંદોલન (ડિસેમ્બર ૧૯૭૩-માર્ચ ૧૯૭૪) ના સહુથી જાણીતા નેતા અને અત્યારના કર્મશીલ મનીષી જાની એચ.કે.ના વિદ્યાર્થી હતા,અને કૉલેજ આંદોલનકારીઓ માટેની બેઠક હતી. દેશમાં ઇન્દિરા ગાંધીએ લાદેલી કટોકટી(જૂન ૧૯૭૫-માર્ચ ૧૯૭૭)સામેની રાજકીય લડતમાં,રાજ્યમાં કૉલેજના સંચાલકોની જોહુકમી સામેની અધ્યાપક મંડળની લડતમાં અને એકંદર જાહેર જીવનનાં મુદ્દા પર એચ.કે.ના અધ્યાપકો ખૂબ સક્રિય હતા. અંબુભાઈ દેસાઈ, ઉજમશી કાપડિયા, પ્રકાશ ન.શાહ, સિદ્ધાર્થ ભટ્ટ જેવાં નામ સહેજે યાદ કરી શકાય. સાંસદ મધુસૂદન મિસ્ત્રી અને ભરત મહેતા જેવા જાગ્રત અધ્યાપક એચ.કે.માં ભણેલા છે. નારીસંગઠન 'અવાજ'ના સ્થાપક અને આજીવન લડવૈયા ઇલાબહેન પાઠકે એચ.કે.માં અંગ્રેજીનાં અધ્યાપન સાથે વિદ્યાર્થીઓમાં મહિલાશક્તિનાં બીજ રોપ્યાં. કોમવાદનો સામનો કરવા માટે રચાયેલાં 'મૂવમેન્ટ ફૉર સેક્યુલર ડેમૉક્રસી'નામનાં મંચમાં પણ ઇલાબહેન અને એચ.કે.ની પૂર્વ વિદ્યાર્થિનીઓનો ફાળો. તેમાંથી દામિનીબહેન શાહ અને મીનાક્ષીબહેન જોશી તો ચૂંટણીઓ પણ લડેલાં.

એચ.કે.ની વિદ્યાર્થિનીઓએ ૧૯૭૭માં મનોવિજ્ઞાન વિષયની પ્રવેશનીતિની બાબતમાં ચાર દિવસની હડતાળ પાડી હતી તેની આગેવાની અત્યારે દૂરદર્શનના આસિસ્ટન્ટ ડિરેક્ટર (પ્રોગ્રામ્સ) રૂપા મહેતાએ લીધી હતી. મનીષીએ કથળેલાં શિક્ષણ પર કટાક્ષ કરવા માટે કૉલેજના વર્ગખંડમાં ગધેડો ઊભો રાખીને તેને ફૂલહાર કર્યાં હતાં. ખૂબ ગુસ્સે થયેલા યશવંતભાઈ 'હું અહીં કૉલેજમાં છું ને તમે ગધેડાને લઈને આવો છો ?' એમ તડૂકેલા એવી ચાલેલી મજાક પણ મનીષીભાઈને સાંભરે છે. ઉજમશીએ આચાર્ય યશવંતભાઈને એક વિવાદ દરમિયાન અધ્યાપક ખંડની મીટિંગમાં 'યુ આર અ લાયર' એમ કહ્યું હતું એ ખુદ ઉજમશીએ નોંધ્યું છે. અધ્યાપકને આચાર્યો સાથે ભારે અસંમતિના મુદ્દાય ઊભા થતા રહ્યા છે. હમણાંના વર્ષોમાં ભગવાકરણ, વાઇબ્રન્ટ તમાશાઓ, નોટબંધી, અત્યંત લોકવિરોધી નીતિઓ, નાગરિક સ્વાતંત્ર્ય, સેમેસ્ટર સિસ્ટમ, શિક્ષણની સ્વાયત્તતા જેવા મુદ્દે એચ.કે.ના કેટલાક અધ્યાપકો શાસક પક્ષનો પ્રખર અને મુખર વિરોધ કરતા રહ્યા છે. પણ વિદ્યાર્થીઓ, અધ્યાપકો, આચાર્યો કે સંચાલકોમાં ક્યારેય અસહિષ્ણુતા આવી નથી. વિચાર-વિમર્શ- વિવાદ-વિરોધનું લિબરલ ડેમોક્રેટિક વાતાવરણ જળવાતું રહ્યું છે.

કૉલેજના વિદ્યાર્થીઓએ તેમ જ અધ્યાપકોએ રાજકીય પક્ષોના એકાદ ડઝન સારા-નરસા નેતાઓને અને અનેક ડઝન વક્તાઓને ખુલ્લાં લોકશાહી માનસથી સાંભળ્યા છે. તેમાંથી તેઓ પોતાનાં વિવેકથી સારું-નરસું તારવતા રહ્યા છે. વિદ્યાર્થીઓનાં મનની બારીઓ ઉઘડતી રહી છે. ગરીબ કે નિમ્ન મધ્યમવર્ગમાંથી આવતાં વિદ્યાર્થીઓને છ દાયકાથી બધી દિશામાંથી વિચારો મળતા રહ્યા છે. મુક્ત વિચારોના પ્રાણવાયુથી મળેલી ઊર્જાથી સર્જાયેલા વિવિધ આવિષ્કારો સમાજ સમક્ષ તરફ વિદ્યાર્થીઓ ધરી રહ્યા છે. તેમાંના એક વિદ્યાર્થી એટલે લેખક પરેશ વ્યાસ. તેમણે 'સાહેબ' ફિલ્મમાં કથા,પટકથા અને સંવાદ લખ્યા છે. સત્તાભૂખ્યા રાજકારણીને ઉથલાવી પાડનાર યુવા નેતા તેમાં છે. એ નેતાનું પાત્ર પણ એચ.કે. સંબંધિત છે, એને સર્જનાર પણ એચ.કે.ના છે. આ એચ.કે. છે.

મધ્યરાત્રિ, ૧૩ ફેબ્રુઆરી ૨૦૧૯ E-mail : sanjaysbhave@yahoo.com

---

**ગાંધી-નિર્વાણદિન નિમિત્તે** ● અનુ. પૃ. ૨૦થી...

"સો સો વાતુંનો જાણનારો ગાંધીડો મારો
ઝીઝી વાતુંનો ઝીલનારો
ડગલે ડગલે હાલ્યા કરે ઈ
ઊંચાણમાં ન ઊભનારો
એ ઢાળ ભાળીને સૌ ધ્રોડવા માંડે
ઢાળમાં નવ ધ્રોડનારો મોભીડો મારો
ઢાળમાં નવ ધ્રાંડનારો ગાંધીડો મારો
સો સો વાતુંનો જાણનારો..."

ગાંધીને તમે જોયા છે? એમ અમે પિતાજીને પ્રશ્ન પૂછતા, ત્યારે તેઓ કહેતા કે ગાંધીજી જ્યારે ભાવનગર આવેલા, ત્યારે તેમના દર્શન કરવા તેઓ ગયેલા. મેં કહ્યું કે "... પણ અમે તો ગાંધીજીને જોયા નથી' તેઓ કહેતા કે, 'ગાંધીજીને તમે તો જોયા નથી, પણ મારા જેવા જેણે ગાંધીને જોયા છે, તેને તો તમે જોઈ શકો છોને!" ગાંધીની વાતો બચપણમાં કિશોરાવસ્થામાં અને યુવાનીમાં પિતાજી પાસેથી અવાર-નવાર સાંભળવા મળતી. તેમાંથી મળેલી પ્રેરણાને કારણે જ લોકભારતી-સણોસરા જેવી ગાંધીવિચારની સંસ્થામાં પાંત્રીસ વર્ષ જેટલા દીર્ઘકાળ સુધી કામ કર્યાનો આનંદ અને સંતોષ છે.

વસ્ત્રાપુર, અમદાવાદ

Reg.under RNI NO. GUJGUJ/2009/29656, Registered under Postal Registration No. GAMC-777/2018-2020 valid upto 31st December-2020 issued by the SSPO's Ahmedabad City Division, Permitted to Post at Ahmedabad PSO on 1st & 16th of every Month.

### સ્મરણ

# ગાંધી-નિર્વાણદિન નિમિત્તે

### રતિલાલ પંડ્યા

**ગાંધીજીની** હત્યા દિલ્હીમાં ૩૦-૧-૧૯૪૮ના રોજ થઈ. પણ મને તેની ખબર મારી બાર વર્ષની ઉંમરે ૩૧-૧-૧૯૪૮ના રોજ બપોરે બે વાગે લાઠી પાસેના નાના રાજકોટ ગામે એક ખેડૂત દ્વારા મળી. ગામડામાં તે વખતે રેડિયો તો કોઈ પાસે ન હતો, તેથી અમોને આ સમાચાર એક દિવસ મોડા મળ્યા.

લાઠી (જિ. અમરેલી)થી પાંચેક કિલોમીટર દૂર નાના રાજકોટ એ અમારું વતનનું ગામ. ગામના ખેડૂત ભગવાનભાઈ ડોબરિયા લાઠીના દવાખાને ગયેલા. તેઓ તા. ૩૧મીએ બપોરે બે વાગે ગાંધીજીના અવસાનના ખબર મારા પિતાજી માધાજી માસ્તરને આપવા ઘરે આવેલા. એ પટેલ ખેડતે કહ્યું, ''લાઠીમાં રેડિયો બોલી ગયો કે ગાંધીને મારી નાખ્યા છે.''

પિતાજી આશરે ૬૦ વર્ષની ઉંમરે બંને આંખે અંધ થયેલા. સમાચાર સાંભળી તેમણે પ્રતિભાવ રૂપે 'રામ... રામ...'ના ઉદ્‌ગાર કાઢેલા તે મને બરાબર યાદ છે. તેઓ ગાંધી ગયાના સમાચાર ઘરમાં તથા આસપાસના લોકોને શોકવદને આપતા રહ્યા. મારાં બાને કહે, ''પાણી ગરમ મૂકો, મારે ફરી નહાવું પડશે.'' અને એ વૃદ્ધ-અંધ ગાંધીચાહકે ફરી બપોરે ૪ વાગે ગાંધીને યાદ કરી સ્મરણાંજલિ રૂપે સ્નાન કર્યું. ઘરમાં શોકનું વાતાવરણ છવાઈ ગયું. એ વખતે ગામના અમારા એ ઘરમાં ગાંધીજીની તસવીર નહોતી, પરંતુ કસ્તૂરબાની છબી ભીંતે ટીંગાડેલી હતી.

રાત્રે ૮-૦૦ વાગે મન કહે, ''કાગળ-પેન્સિલ અને નીચે ટેકા રૂપે પિત્તળની થાળી લઈ લે. મને ગાંધી વિશે લખવાની એક કવિતા સૂઝી છે.'' એમ કહી તેઓ ૧૦-૧૨ લીટીની એક કવિતા બોલી ગયા. પછીથી ધીરે ધીરે મને લખાવતા ગયા. મેં એ પંક્તિઓ રદ્દી કાગળમાં અને ગરબડિયા અક્ષરે નોંધેલી. તેને થોડો સમય સાચવી રાખી, પરંતુ તેને કાયમી ધોરણે સાચવી ન શક્યો, તેનું અત્યારે દુઃખ પણ થાય છે. છતાં કેટલીક પંક્તિઓ યાદ છે. સ્મૃતિને આધારે કહું તો એ પંક્તિઓ કાંઈક આવી હતી.

*''ગાંધી ગયાથી ભારતભૂમિનો*
*હર્ષ અને ઉત્કર્ષ ગયો.*
*હિંદુમુક્તિનો તારણહાર*
*વેગ વડે વિદાય થયો.*
*ઓતા ગાંધીનો પૌત્ર પનોતો*
*કસ્તૂરબાનો કંથ કોડીલો, વેગ વડે વિદાય થયો.*
*અહિંસાનાં વેધક શસ્ત્રોથી, શોષક અંગ્રજોને*
*ગાંસડા-પોટલાં બાંધી વિદાય કર્યા.''*

મને અત્યારે વચ્ચેની પંક્તિઓ યાદ નથી, પરંતુ
છેલ્લે પંક્તિઓ આ મુજબ હતી :

*''ફટ્ ગોઝારા ગોડસે તને*
*આત્મહત્યા લાગી, હિન્દુમુક્તિના*
*તારણહારને વેગ વડે વિદાય કર્યો તે.''*

આ નાનકડા બનાવથી કહી શકાય કે ગાંધીજી કેટલા બધા પ્રભાવક રીતે જનમાનસમાં ખૂંપી ગયા હશે! ગાંધીની વિશાળતા અને વ્યાપકતા એક દૂરસુદૂરના ગામડાના પ્રજ્ઞાચક્ષુ શિક્ષકને કેટલી સ્પર્શી ગઈ હશે, તે વાત હૃદયને જણાવતાં આજે પણ આંખો ભીની થાય છે. મારા પિતા માધવજી શિવશંકર પંડ્યા ગાયકવાડી રાજમાં પ્રાથમિક શાળાના શિક્ષક હતા. તેઓ ૧૯૪૫માં આચાર્ય તરીકે નિવૃત્ત થયા હતા. વાચનનો ભારે શોખ ધરાવતા પિતાજીની દૃષ્ટિ ઝામરના કારણે ધીરે ધીરે ઝાંખી થતી ગઈ. ૧૯૪૬માં તેમને અંધાપો આવ્યો. ૧૯૬૧માં તેમનું અવસાન થયું.

મારા પિતાજીને લેખક ઝવેરચંદ મેઘાણી સાથે વ્યક્તિગત પરિચય હતો. તેઓ અવાર-નવાર રૂબરૂ મળતા અને સૌરાષ્ટ્રનાં કેટલાંક ગામડાંમાં મેઘાણી સાથે રહીને ગામના પાળિયા તેમજ વૃદ્ધ માણસોને મળી માહિતી એકઠી કરતાં. મેઘાણીભાઈને આ પ્રકારના સંપર્કો ગામડાંમાં હતા. નાનપણમાં અને પિતાજીના મુખે કવિ દુલા ભાયા કાગનું પ્રસિદ્ધ ગાંધીગીત સાંભળતા હતા.

*અનુ. પૃ. ૧૯ ઉપર*

**Publisher, Editor and Printer :** Prakash N. Shah on Behalf of Nireekshak Foundation. 'Prakash' Bunglow, Nr. Abhinandan Flats, B/h. Navarangpura Post Office, Navarangpura, Ahmedabad-380 009. Phone : 079-26562806 E-mail : prakash.nireekshak@gmail.com
**Printed at** Shardul Printing Press, B/6, Rambha Complex, Income Tax, Ashram Road, Ahmedabad-14. E-mail : shardulpress@gmail.com